# જગદ્ગુરુ

(સમ્રાટ અકબર પ્રતિબોધક પૂજ્ય આચાર્ય
શ્રીહીરવિજયસૂરિ મ.નું સંક્ષિપ્ત જીવન ચરિત્ર)

: પ્રકાશક :
**શ્રી અજારા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી, ઊના**

વિ.સં. ૨૦૭૦ ઈ.સ. ૨૦૧૩

**જગદ્ગુરુ**
**(અકબર પ્રતિબોધક આચાર્ય**
**શ્રી હીરવિજયસૂરિ મ. નુ સંક્ષિપ્ત જીવન ચરિત્ર)**

**સંકલન** : **મુનિરત્નકીર્તિવિજય**

**પ્રકાશન** : વિ.સં. ૨૦૭૦ ઈ.સ. ૨૦૧૩

**પ્રકાશક** : **શ્રી અજારા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી,**
વાસા ચોક, ઊના-૩૬૨૫૬૦

**પ્રતિ** : ૧૦૦૦

**મૂલ્ય** : ૧૦-૦૦

**પ્રાપ્તિસ્થાન** : ૧. **અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થી જૈન પેઢી**
વાસા ચોક,
ઊના - ૩૬૨૫૬૦
(સૌરાષ્ટ્ર)

૨. **શ્રી અજાહરા પાર્શ્વનાથ જૈન તીર્થ**
અજારા (સૌરાષ્ટ્ર)

**મુદ્રક : કિરીટ ગ્રાફીક્સ** - ફોન : ૨૫૩૩૦૦૯૫

# પ્રાસ્તાવિક

## જગદ્ગુરુ : એક સત્ત્વમઢી સાધુતા

સદીઓ વીતવાં છતાં એકસરખા આદરભાવે, ભક્તિ-ભાવે, પૂજ્યભાવે, આદર્શભાવે જે કેટલાક મહાપુરુષોનાં નામ લેવાય છે તેમાંનું જ એક નામ એટલે - **જગદ્ગુરુ હીરવિજયસૂરીશ્વરજી મહારાજ.**

૪૦૦ વર્ષ પૂર્વેના એ કાળનો જેને થોડોક પણ અભ્યાસ કે પરિચય છે તે જગદ્ગુરુનાં મહિમા કે મૂલ્યાંકન કરી શકે.

આ એક કાળ હતો જ્યારે સમગ્ર ભારત વર્ષ મુસલમાન બાદશાહોના પગતળે હતું. ઝનૂન સિવાય જેનો કોઈ ધર્મ ન હતો કે ન્યાય-અન્યાયના કોઈ ધારાધોરણ ન હતાં એવા મુસલમાન શાસકોના રાજ્યમાં, જ્યારે પોતાના અસ્તિત્વને ટકાવવા માટે ય જદ્દોજહદ કરવી પડે તેવા સમયમાં, પ્રભુશાસનને જળહળતો રાખવો બલ્કે એના મહિમાને એ શાસકોના હૈયે વસાવવો એ કાંઈ નાનીસૂની સિદ્ધિ ન હતી. જાહો-જલાલીના કાળમાં જ્યારે બધું જ અનુકૂળ હોય ત્યારે પોતાના પુણ્યની પીપૂડી જાતે વગાડી લેવી સંઘર્ષો, વિતંડા - વિખવાદ ઊભા કરીને 'અમે ઝઝૂમ્યા'નું મિથ્યાભિમાન પોષવું - પ્રમાણનું અને નામનાની ભૂખ સંતોષી લેવી એમાં કોઈ શાલીનતા કે બહાદુરી નથી. જાહોજલાલીનો કાળ મોટાભાગે પુણ્યની સ્પર્ધાનો કાળ હોય છે ને અંધાધૂધીનો કાળ એ સત્ત્વ - ચારિત્ર્યની કસોટીનો કાળ હોય છે. તોફાની વાયરો હોય ત્યારે દીવો પ્રજ્વળતો રાખવો એમાં વશેકાઈ છે. શાંત વાતાવરણમાં, જ્યાં પવનની લહેરખીય ન હોય ત્યારે દીવો પ્રજ્વળતો રહે તેમાં આપણું કોઈ કર્તૃત્વ

હોતું નથી. (એ તો મહાપુરુષોના સત્ત્વથી પ્રજ્વળે છે.) એનો જશ મારે લેવાની ઉતાવળ કરવા જેવી નથી.

એ કાળમાં આંતરિક સંઘર્ષો તો હતા જ પણ બહારના આક્રમણો પણ એટલાં પ્રચંડ હતાં કે એ સ્થિતિમાં શાસનની જાહોજલાલીને અકબંધ રાખવાનું કામ ટચલી આંગળીએ ગોવધર્ન ઉપાડવા કરતાંય કઠિન હતું.

પ્રસંગો જ માત્ર જગદ્‌ગુરુના જીવનનું સત્ય કે સવર્સ્વ નથી. પણ એ પ્રસંગોમાં જળહળતો ગુણવૈભવ એમના જીવનનું સત્ય છે. ડગલે ને પગલે સમન્વય - સમાધિ -સ્વસ્વતા - ઉદારતા - નિષ્પક્ષપાત - નિર્દોષતા - નિર્લેપતા - નિરભિમાનિતા - નિરીહતા અનુભવવા મળે. એમના જીવનને માત્ર પુણ્યના ત્રાજવે તોળવા જેવું નથી. એના માટે એક જ તત્ત્વ જડે છે ને તે છે સત્ત્વ.

જબદસ્ત વર્ચસ્વ અકબર જેવા બાદશાહ ઉપર હોવા છતાં એમણે સમન્વય ને સૌહાર્દને ખોરવવા નથી દીધા. પુણ્યને આગળ કરીને સ્વાર્થ સાધી શકાયો હોત - સામ્રાજ્યલિપ્સા પોષી શકાઈ હોત, પણ ના, એવી ક્ષુદ્રતા ને તુચ્છવૃત્તિથી એ પર હતા. પુણ્યના આવા છીછરા - મલિન ઉપભોગથી એ જોજનો દૂર હતા. એમણે પુણ્યનો શસ્ત્ર તરીકે ઉપયોગ નહતો કર્યો, સાધન લેખે વિનિયોગ કર્યો હતો અને આજ એમનું સત્ત્વ હતું.

**'અકબર પ્રતિબોધક'** એ બહુ જ સાર્થક વિશેષણ હતું જગદ્‌ગુરુનું. આ વિશેષણ એમના પ્રચંડ ચારિત્ર્યબળ - તપોબળ અને જ્ઞાનપ્રતિભાને ઉજાગર કરે છે. વ્યક્તિ પ્રત્યેનું આકર્ષણ એ પ્રભાવકતા છે પણ વ્યક્તિમાં તત્ત્વનો- સત્ત્વનો ઉઘાડ થવો તે પ્રતિબોધ છે. શરૂઆતમાં જગદ્‌ગુરુના જીવનથી પ્રભાવિત થયેલા અકબરમાં એમના સમાગમથી તત્ત્વનો - સત્યનો ઉઘાડ થતો રહ્યો. ને એની પ્રતીતિ હતી - એના હૈયામાં વહેતું થયેલું દયાનું ઝરણું. 'હિંસા એ પાપ છે ને મેં કેવાં-કેવાં ઘોર પાપો કર્યાં છે !' એવો પશ્ચાત્તાપ પૂર્વકનો એકરાર જ્યારે એણે જગદ્‌ગુરુ આગળ કર્યો ત્યારે થયું

કે જગદ્‌ગુરુની સિદ્ધિ માત્ર અમારિના ફરમાનો મેળવવા સુધી સીમિત ન હતી પણ તે અકબરના હૃદય-પરિવર્તન સુધી વિસ્તરી હતી. આ પરિવર્તન જ સાચો ચમત્કાર છે. પ્રતિબોધની ફળશ્રુતિ પરિવર્તન જ હોઈ શકે. અને માત્ર અકબર જ નહીં પણ પ્રાંત-પ્રાંતના સૂબાઓ ઉપર પણ એમનો જબરદસ્ત પ્રભાવ હતો.

જેમ-જેમ એમના પ્રસંગોમાંથી પસાર થવાનું થાય તેમ-તેમ એમનું વ્યક્તિત્વ વધુને વધુ વિરાટ થતું અનુભવાય. એક વાતે ગદ્‌ગદ્‌ થઈ જવાય છે કે આટલું પ્રચંડ પુણ્ય ને છતાંય નાની સરખીય ગફલત નહીં ! પુણ્ય ગાફેલ બનાવે જ, જો સાધુતાથી રસેલું ન હોય તો. બધીજ જવાબદારીઓ વચ્ચે ય એમનું તપ, એમની ધ્યાનધારા, એમનો સ્વાધ્યાય, એમનો શાસ્ત્રવ્યાસંગ અખંડ પ્રવર્ત્યા. આમાનું કશું છોડ્યું તો નથી જ, ઓછું યે નથી કર્યું ! આત્મહાનિ એમને મંજૂર ન હતી. એમનાં ત્યાગ, વૈરાગ્ય, તપ, જ્ઞાન, આત્મજાગૃતિની વાત વાંચીએ ત્યારે માથું અહોભાવથી તો ઝૂકે પણ જાત માટે શરમથી યે ઝૂકે !

ભગવાન મહાવીર મહારાજાના શબ્દો યાદ આવે - 'मुणिणो सया जागरंति' – 'પળે-પળ જાગૃત રહે - સાવધાન રહે તે મુનિ-સાધુ !' બસ ! આ એમની જાગૃતિનાં ઓવારણાં છે - પોંખણાં છે, માત્ર પુણ્યના નહીં. આપણે એમના પુણ્યની ઝંખના કરીએ એના બદલે એમની આત્મજાગૃતિની ખેવના કરીએ ને પ્રગટાવીએ એ સાચી અંજલિ હશે !...

એમનું સમાધિસ્થાન ઊના-શાહબાગ આજે પણ આપણા માટે જાગતો વિસામો છે. સમગ્ર તપાગચ્છની એ ગાદી છે. તપાગચ્છના અભ્યુદય ને સમાધિ માટે એમની ઉપાસના થાય તે ઇચ્છનીય છે.

**મુનિ રત્નકીર્તિવિજય**

● વ્યક્તિગત અહિંસાનું પાલન કરવું શક્ય છે, પણ દેશના શાસકની પાસે અહિંસાનું પાલન કરાવતાં આખા દેશને અહિંસાનો આરાધક બનાવવો એ સહેલું કામ નથી - અને તે પણ મુસલમાન બાદશાહના શાસનમાં !

● જગદ્‌ગુરૂ આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજીએ એ અશક્ય અને અસંભવિત લાગતું કામ કર્યું.

● એક એપેક્ષાથી કહીએ તો ભગવાન મહાવીરના સમયમાં એમના પરમભક્ત રાજા શ્રેણિક અહિંસા માટે જે કામ ન કરી શક્યા તે કામ હીરવિજયસૂરીશ્વરજીએ કર્યું.

● હીરવિજયસૂરીશ્વરજીની શ્રમણજીવનની યાત્રાનાં કેટલાંયે વરસ સંઘર્ષમાં વીત્યાં... પરંતુ એમના ચિત્તની સ્વસ્થતા અને ભીતરી પ્રસન્નતા અખંડ રહી.

● જિનશાસનની પ્રભાવના માટે પરમ પ્રભાવક અને પ્રતિભાસંપન્ન આચાર્ય ભગવંતની જરૂર રહે છે.

● આચાર્યશ્રીએ પોતાની પાછળ પ્રતિભાવાન પ્રકાંડ વિદ્વાનો અને પ્રભાવક શિષ્યોની પરંપરા તૈયાર કરી હતી.

● અકબર અને અબુફજલે જગદ્‌ગુરૂ હીરવિજયસૂરીશ્વરજી વિષે જે કહ્યું છે તેનો ઉલ્લેખ 'આઈને-અકબરી' અને 'તુજક-એ-જહાંગીરી' નામે ગ્રંથોમાં મળી આવે છે.

# અમારી વાત

સૌરાષ્ટ્રની ધરતીનું અત્યંત પ્રાચીન શહેર છે - ઊના. આ શહેર ધર્મના રંગે રંગાયેલું હતું. જૈન ધર્મની અહીંયા જાહોજલાલી હતી. પર્વના દિવસોમાં અહીં ૫૦૦ - ૫૦૦ પૌષધ થતા હતા. બાજુમાં જ દીવ બંદર છે. ત્યાં પણ સુખી સંપન્ન તથા ધર્મપ્રીતિવાળા શ્રાવકો હતા. પાલિતાણા શહેરમાં શ્રીઆદીશ્વર ભગવાનનું મુખ્ય જિનાલય છે. તેનું નિર્માણ દીવના જ શ્રાવક શ્રેષ્ઠીએ સ્વદ્રવ્યથી કરાવ્યું હતું. શ્રી ગિરનાર મહાતીર્થ ઉપર પગથિયાં બનાવવાનો લાભ પણ આજ દીવના શ્રેષ્ઠીઓએ લીધો હતો. આવાં અનેક સત્કર્મો આ ધરતીના જાયાઓએ કર્યાં હતાં. આ દીવના દરિયામાંથી શ્રી અજારા પાર્શ્વનાથ દાદાની પ્રતિમા પ્રગટ થઈ હતી. તે સમયે રાજા દશરથના પિતા શ્રી અજયપાલરાજા નું રાજ્ય હતું. તેમણે અજયપુર નગર વસાવ્યું હતું, જે આજે અજારા તરીકે પ્રસિદ્ધ છે.

અજારા, દીવ, દેલવાડા વ. ઊના શહેરની આજુબાજુમાં તીર્થક્ષેત્રો છે. વિ.સં. ૧૬૫૧ તથા ૧૬૫૨ના વર્ષનાં ચાતુર્માસ જગદ્ગુરુ હીરવિજયસૂરિમહારાજે ઊના શહેરમાં જ કર્યાં હતાં. અને અહીયાં જ એમનો કાળધર્મ પણ થયો હતો.

તેમનો અગ્નિસંસ્કાર ઊનાની નજીક આંબાવાડીમાં કરવામાં આવ્યો હતો. જે વિસ્તાર આજે શાહબાગ તરીકે ઓળખાય છે. અને જગદ્‌ગુરુનું સમાધિસ્થળ એ તપાગચ્છની એકમાત્ર ગાદી છે. જે આજે પણ જાગૃત છે અને તપાગચ્છની ઉન્નતિ - અભ્યુદય માટે એની આરાધના - ઉપાસના અવશ્ય થવી જોઈએ - કરવી જોઈએ.

વખતો વખત અહીંયા ગુરુભગવંતો સમાધિ પામતા રહ્યા અને તેમના સમાધિસ્તૂપો અહીં શાહબાગમાં બનતા રહ્યા. આજે કુલ ૧૨ દેરીઓ ત્યાં છે. કાળક્રમે એ જીર્ણ થઈ ગઈ.

પરમ પૂજ્ય શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજીમ.સા.ના સમુદાયના તેજોમૂર્તિ પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રીવિજયસૂર્યોદય-સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન વિદ્‌વદ્‌વલ્લભ પરમ પૂજ્ય આચાર્યભગવંત શ્રીવિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ધ્યાન ઉપર આ હકીકત આવી. તેમણે આ સ્થળનો જીર્ણોદ્ધાર કરવાની અમને શુભ પ્રેરણા કરી. સંઘે તે ઝીલી અને તેઓશ્રીના ઉપદેશથી જુદા જુદા ભાગ્યશાળીઓએ આ જીર્ણોદ્ધારમાં લાભ લીધો. પૂજ્ય દાનસૂરિમ.ની દેરીના જીર્ણોદ્ધાર વખતે પાયામાંથી એક સ્તંભ તથા પગલાં પ્રાપ્ત થયાં, તે જગદ્‌ગુરુશ્રીનું મૂળ અગ્નિસંસ્કાર સ્થળ હોઈ શકે તેવા અનુમાનપૂર્વક તે સ્તંભ તથા પગલાં તેમજ રહેવા દઈને તેની ઉપર પૂ.દાનસૂરિ મ.ની દેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ જીર્ણોદ્ધાર કાર્ય પૂર્ણ થયા પછી ઈ.સ. ૨૦૦૦ની સાલમાં વિનાશક ભૂકંપ આવ્યો તેમાં ઘણી દેરીઓ ક્ષત-વિક્ષત થઈ ગઈ. તેનો પુનઃ જીર્ણોદ્ધાર પણ તે પૂજ્યશ્રીની પ્રેરણાથી કરવામાં આવ્યો અને ત્યારે પણ કેટલાક ભાવિકોએ લાભ લીધો.

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીવિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના અમારા શ્રીસંઘ ઉપર ખૂબ જ ઉપકારો છે અને આશીર્વાદ છે. તેમના માર્ગદર્શનમાં ઘણાં કાર્યો થયાં છે ને થાય છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે તેમના માર્ગદર્શન તથા આશીર્વાદ અમારા સંઘ ઉપર સદાય રહે.

જગદ્‌ગુરુના આ સમાધિસ્થળ ઊના નગર તથા અગ્નિ-સંસ્કાર સ્થળ શાહબાગની યાત્રા-આરાધના ભારતભરના સંઘોમાં વધે, એનો મહિમા વધે ને તપાગચ્છની ખૂબ ખૂબ ઉન્નતિ થાય - એવી શાસનદેવને પ્રાર્થના.

**લિ.**
**શ્રી અજારા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન પેઢી,**
**ઊના જૈન સંઘ, ઊના**

# નમ્ર નિવેદન

યાત્રિકો સાથે

શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થીની આપે યાત્રા કરી, અને આપનું જીવન ધન્ય બનાવ્યું. આપ આ તીર્થમાં અન્ય યાત્રિકોને અવરજવર પ્રેરણા કરશો એવી અમારી નમ્ર વિનંતી છે.

શ્રી અજાહરા તીર્થમાં ધર્મશાળા, ભોજનશાળા, ભાતાગૃહની સગવડ છે. આ તીર્થમાં યાત્રિકોની આવક ઉત્તરોત્તર વધતી જાય છે. હજુ સગવડતાઓ-સાધનો વધારવાની જરૂર છે. આ માટે આપ સૌનો સહયોગ આવકાર્ય છે.

આ સંસ્થાના વિકાસ માટે આપ આપનાં સુકૃતનાં નાણાં વાપરવા માંગતા હો તો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે. વિશેષ સૂચનો આવકાર્ય છે. આપ સૌના સહકાર બદલ આભાર

**એજ લિ. વ્યવસ્થાપક સમિતિ**

**શ્રી રવીન્દ્રભાઇ હસમુખલાલ દોશી - પ્રમુખ**

| | |
|---|---|
| **શ્રી રજનીકાંત હરખલાલ દોશી- મંત્રી** | **શ્રી ભૂપતરાય હરજીવનદાસ દોશી** |
| **શ્રી નવનીતરાય વૃજલાલ શેઠ** | **શ્રી અજયકુમાર હસમુખરાય દોશી** |
| **શ્રી ભરતકુમાર બાબુલાલ શાહ** | **શ્રી અજયકુમાર ઉમેદચંદ મહેતા** |

**સંપર્ક :**

**શ્રી અજાહરા પાર્શ્વનાથ પંચતીર્થ જૈન (કારખાના) પેઢી**

**વાસા ચોક, ઉના-૩૬૨૫૬૦.**

**ફોન : (૦૨૮૭૫) ૨૨૨૨૩૩**

**અજાહરા ફોન : (૦૨૮૭૫) ૨૬૯૩૫૫**

॥ શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥

# જગદ્‌ગુરુ

## (૧)

જગદ્‌ગુરુનો જન્મ વિ. સં. ૧૫૮૩ના માગસર સુદ-૯ સોમવારના દિવસે ગુજરાતના પાલનપુર નગરમાં થયો હતો. એમનું નામ હીરજી. પિતા કુંરા શાહ તથા માતા નાથીબાઈના એ સૌથી નાના દીકરા. હીરજીના ત્રણ મોટા ભાઈઓ – સંઘજી, સૂરજી અને શ્રીપાળ હતા અને ત્રણ મોટી બહેનો – રંભા, રાણી અને વિમળા હતી.

ગયા જન્મની અધૂરી સાધના જ જાણે પૂરી કરવા આવ્યો હોય એવા ઉત્તમ સંસ્કારોનો સરવાળો એટલે હીરજી. એના વર્તનમાં, વાણીમાં, વિચારોમાં ઉત્તમતા સતત ઝળકે અને એના એ ઉત્તમ સંસ્કારોને પોષણ મળે - બળ મળે એવું સંસ્કારી કુળ એને મળ્યું. શાળામાં વ્યાવહારિક જ્ઞાન મેળવવા સાથે ગુરુભગવંતો પાસે ધાર્મિક જ્ઞાન પણ મળે

એવી ગોઠવણ માતા-પિતાએ કરી હતી. એના કારણે ખૂબજ નાની ઉંમરમાં સમજુ અને ઠરેલ બન્યો.

એની વાતો ને વર્તણૂંક ઉપરથી માતા-પિતા અને પરિવારજનોને થતું જ કે - આ કમળ છે ને એક દિવસ કાદવથી ઉપર ઊઠવાનો જ. પ્રસંગોપાત્ત તેણે પિતાને કહ્યું પણ હતું - "આપણા કુળમાંથી જો કોઈ દીક્ષા લે તો આપણું કુળ કેવું દીપે ?" દીકરાની આવી વાતથી માતા-પિતાએ ગૌરવ અનુભવ્યું.

સમય સાથે ઘટનાઓ જોડાયેલી જ હોય છે; એ પછી સુખદ હોય કે દુઃખદ. અજ્ઞાની અને મોહગ્રસ્ત જીવો સુખના કાળમાં ભાન ભૂલીને આનંદ-પ્રમોદમાં પડી જાય છે અને પરિસ્થિતિ બદલાતા દીન અને લાચાર થઈ જાય છે, જ્યારે સમજુ જીવો સુખના કાળમાં સાવધાન રહે છે ને દુઃખ આવી પડે તો એને હસી કાઢે છે, એમાંથી શીખ મેળવે છે. હીરજી નાના હતા - લગભગ ૧૨ વર્ષના - ને એમના માતા-પિતાનું અવસાન થઈ ગયું. નાની ઉંમર છતાં સમજણથી આ આઘાત જીરવી ગયા. હા, એનાથી એમનામાં ધરબાયેલું વૈરાગ્યનું બીજ અંકુરિત થઈ ગયું.

માતા-પિતાના સ્વર્ગવાસના સમાચાર જાણી હીરજીની બે બહેનો – વિમળા અને રાણી પાટણથી આવીને હીરજીને પોતાની સાથે જ પાટણ લઈ ગઈ.

તે વખતે ત્યાં **વિજયદાનસૂરિ મહારાજ** બિરાજમાન હતા. એમનાં સાનિધ્ય અને વાણીનો લાભ હીરજીને નિત્ય મળવા લાગ્યો. એમનો વૈરાગ્ય તીવ્ર થયો ને દીક્ષાની ભાવના દૃઢ બની. બધાંયની અનુમતિ પ્રાપ્ત કરીને પાટણમાં જ વિ. સં. ૧૫૯૬ના કાર્તિક વદ-૨ સોમવારના દિવસે શ્રીદાનસૂરિ મહારાજના પાવન હસ્તે હીરજીની દીક્ષા થઈ. નામ પડ્યું મુનિ **હીરહર્ષ**.

હીરહર્ષ મુનિ પહેલેથી જ તીવ્ર મેધાવી હતા ને સાથે વિદ્યા પ્રાપ્તિની લગન પણ એમની બળકટ હતી, એટલે ગુરુભગવંતે એમને ખૂબ ભણાવ્યા.

તે વખતે દેવગિરિ (દોલતાબાદ) વિદ્યાપ્રાપ્તિનું મથક ગણાતું. ન્યાયશાસ્ત્ર વગેરેના પ્રકાંડ બ્રાહ્મણ પંડિતો ત્યાં રહેતા. ગુરુમહારાજે હીરહર્ષ મુનિની યોગ્યતા અને જ્ઞાનની પિપાસા જોઈને વિશેષ અભ્યાસ માટે દેવગિરિ મોકલ્યા. સાથે મુનિ શ્રીધર્મસાગરજી તથા મુનિ શ્રીરાજવિમલજી પણ હતા.

પંડિતોએ ભણાવવા માટે વેતનની માગણી કરી એટલે ત્રણેય મુનિવરો મુંઝાયા. એમની મુંઝવણ ઉપાશ્રયમાં વંદન કરવા આવેલા શ્રાવિકા જસમાઈ કળી ગયા અને તેનું કારણ પૂછ્યું. એટલે શ્રીધર્મસાગરજી મહારાજે એમને બધી વાત કરી. એ સાંભળીને જસમાઈએ કહ્યું – ‘‘સાહેબ! આપ ચિંતા ન કરશો. એ લાભ અમને આપજો. હું શ્રાવકને લઈને આવું છું.’’

થોડી જ વારમાં એ પોતાના શ્રાવક શ્રીદેવશીભાઈ સાથે આવ્યા. જ્ઞાનપ્રાપ્તિમાં સહાયક થવાનો આવો લાભ મેળવીને બન્ને ધન્યતાની લાગણી અનુભવવા લાગ્યા.

કેટલોક વખત દેવગિરિમાં રહી હીરહર્ષ મુનિએ ન્યાય-શાસ્ત્રના કઠિનમાં કઠિન ગ્રંથોનો તથા ષડ્‌દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. પછી પોતાના ગુરુદેવ શ્રીવિજયદાનસૂરિ મહારાજની પાસે આવી ગયા.

ગુરુભગવંતે એમનામાં સર્વપ્રકારની યોગ્યતા જોઈને વિ. સં. ૧૬૦૭માં રાજસ્થાનના નાડલાઈ ગામમાં પંડિત પદ આપ્યું અને બીજા જ વર્ષે વિ. સં. ૧૬૦૮માં ત્યાં જ શ્રીનેમિનાથભગવાનના જિનાલયમાં ઉપાધ્યાયપદ અર્પણ કર્યું. ત્યાર પછી વિ. સં. ૧૬૧૦ના પોષ સુદ-૫ ના દિવસે શિરોહીમાં તેમને આચાર્યપદથી વિભૂષિત કર્યા. ત્યાં **હીરવિજયસૂરિજી** એવું નામકરણ થયું. એમના આચાર્ય-પદનો મહોત્સવ રાણકપુરના જિનાલયનું નિર્માણ કરાવનાર શેઠ ધન્નાશા પોરવાડના વંશજ ચાંગા મહેતાએ કર્યો હતો.

આચાર્યપદવી પછી ગુરુભગવંત સાથે પોતે પાટણ પધાર્યા અને ત્યાં તેમનો પાટમહોત્સવ ઉજવાયો. પૂજ્ય દાનસૂરિ મહારાજે પોતાના પછી તેમને ગચ્છપતિ તરીકે જાહેર કર્યા.

આચાર્યપદ થયા પછી પણ તેઓનું વિચરણ હંમેશા ગુરુભગવંતની સાથે જ થયું. પડછાયાની જેમ તેઓ પોતાના

ગુરુભગવંત સાથે રહેતા. વિ.સં. ૧૬૨૨ના વિહાર કરતા-કરતા ગુરુભગવંતો વડાવલી ગામે પધાર્યા અને ત્યાં જ વૈશાખ સુદ-૧૨ના દિવસે પૂજ્યદાનસૂરિ મહારાજ કાળધર્મ પામ્યા. જિનશાસનના એક સમર્થ આચાર્ય ભગવંતની વિદાયથી બધાં શોકમગ્ન થઈ ગયાં. વડાવલીના સંઘે તેમનો સ્વર્ગારોહણ મહોત્સવ ઉજવ્યો. હવે સમગ્ર તપાગચ્છના યોગક્ષેમની જવાબદારી શ્રીહીરવિજયસૂરિ મહારાજના ખભે હતી.

## (૨)

એ કાળ અંધાધૂંધીનો કાળ હતો. સમગ્ર ભારતવર્ષ ઉપર મુસ્લિમ બાદશાહોએ જોરજુલમથી પોતાની સત્તા સ્થાપી હતી. બધે અરાજકતા હતી. નીતિ-નિયમો, ધારા-ધોરણો તો જાણે હતા જ નહીં. એ બાદશાહોની માનસિકતા કળવી મુશ્કેલ હતી. ક્યારે રીઝે ક્યારે ખીજે ક્યારે રુખ બદલે - કશું જ નિશ્ચિત નહીં. ક્યારેક કોઈકને પાઘડી પહેરાવે તો ક્યારેક એનું જ માથું ઉતારી લેતા અચકાય નહીં. ટૂંકમાં કહીએ તો સાચા-ખોટાના વિવેકનો સદંતર અભાવ. આ બાદશાહોની આ માનસિકતાના અનુભવો શ્રી હીરવિજયસૂરિ મહારાજને પણ વખતોવખત થતા રહ્યા. અસ્તિત્વ ટકાવી રાખવા ય જદ્દોજહદ કરવી પડે એવી કસોટીમાંથી એમને પસાર થવું પડ્યું.

— એક વખત શ્રી હીરવિજયસૂરિ મહારાજ વિચરતા-વિચરતા ખંભાત પધાર્યા. ત્યાં રત્નપાલ દોશી નામનો એક શ્રીમંત રહેતો હતો. તેને રામજી નામનો ત્રણ વર્ષનો દીકરો

હતો. જે કોઈક અસાધ્ય વ્યાધિથી પીડાતો હતો. કોઈ ઉપાયે એ સાજો થતો ન હતો. છેવટે ગુરુભગવંત પાસે આવીને કહ્યું – "મહારાજ ! આપ મારા ઘરે પધારો અને દીકરાને આશીર્વાદ આપો. જો આ છોકરો સાજો થઈ જશે અને તેની મરજી હશે, તો હું આપને અર્પણ કરી દઈશ."

કરુણાથી પ્રેરાઈને ગુરુભગવંત એના ઘરે પધાર્યા. આશીર્વાદ આપ્યા. પછી થોડાક જ દિવસમાં ત્યાંથી વિહાર કરી ગયા.

આ બાજુ છોકરો ધીમે-ધીમે સંપૂર્ણ સાજો થઈ ગયો. જ્યારે એ આઠ વર્ષનો થયો ત્યારે ગુરુભગવંત વિહાર કરતા પાછા ખંભાત પધાર્યા. રત્નપાલ દોશી વંદન કરવા આવ્યા.

ગુરુ મહારાજે પૂછ્યું – 'ભાગ્યશાળી ! દીકરાને કેમ છે ?'

"સાહેબ ! આપના આશીર્વાદથી એકદમ સાજો થઈ ગયો છે."

"કેટલા વર્ષનો થયો ?"

"સાહેબ ! આઠ વર્ષનો થયો છે."

"તો હવે એને અમારી સાથે મોકલો. સાથે રહીને ભણશે-ગણશે ને સમય આવે યોગ્ય લાગશે તો દીક્ષા અપાશે."

રત્નપાલે ઘરે આવીને ગુરુભગવંત સાથે થયેલી વાતચીત કરી. પણ છોકરાને સોંપવા કોઈ રાજી નહોતું. ‘ગરજ સરી કે વૈદ વૈરી’ વાળો ઘાટ રચાયો. ‘उलटा चौर कोटवाल को दंडे’ ના ન્યાયે બધા ગુરુભગવંત પાસે આવી ક્લેશ કરવા લાગ્યા. પણ ગુરુભગવંત તો સર્વથા મૌન જ રહ્યા. જ્ઞાની તંત ન પકડે. એમણે એ વાત જ છોડી દીધી.

પણ, રામજીની બહેનને એમ કે મહારાજ ગમે ત્યારે મારા ભાઈને લઈ જશે ને સાધુ બનાવી દશે. એટલે એણે એના સસરા હરદાસને કોઈ ઉપાય કરવા કહ્યું. હરદાસને ખંભાતના સૂબા શિતાબખાન સાથે દોસ્તી હતી. એને કહ્યું – ‘‘આઠ વર્ષના છોકરાને હીરવિજયસૂરિ સાધુ બનાવવા માગે છે, તેમને અટકાવવા જોઈએ.’’

આ સાંભળીને શિતાબખાને ગુરુભગવંત તથા સાથેના સાધુઓને પકડવા માટેનું વૉરંટ કાઢ્યું. આ આફતથી બચવા ગુરુભગવંતને ત્રેવીસ દિવસ સુધી ગુપ્ત વાસમાં રહેવું પડ્યું. સંઘના અગ્રણી શ્રાવકોએ જઈને શિતાબખાનને સાચી હકીકત જણાવી ત્યારે એણે હુકમ પાછો ખેંચ્યો.

– એક વખત ગુરુભગવંત પાટણ પાસે કુણગેરમાં ચોમાસું બિરાજમાન હતા. તે વખતે શ્રી સોમસુંદરસૂરિ નામના એક આચાર્ય પણ ત્યાં જ ચોમાસું હતા. ત્યારે યતિ ઉદયપ્રભસૂરિ ત્યાં આવ્યા અને ગુરુભગવંતને કહ્યું કે - ‘તમે સોમસુંદર

સૂરિને ખામણાં કરો તો અમે તમને કરીએ.' ગુરુભગવંતે કહ્યું – 'મારા ગુરુજીએ જે નથી કર્યું તે મારાથી કેમ થાય ?'

આ વાતથી સામાપક્ષવાળા ગુસ્સે થયા. સીધી રીતે કશું થઈ શકે તેમ ન હોવાથી ઉદયપ્રભસૂરિએ પાટણના સૂબાને ભરમાવ્યો કે – "હીરવિજયસૂરિએ વરસાદ અટકાવ્યો છે."

બુદ્ધિનું દેવાળું ફૂંક્યું હોય તે જ આવી વાતને સાચી માની શકે. અહીં સૂબાને વાત સાચી લાગી ને ગુરુ-ભગવંતને પકડવા ઘોડેસવારો દોડાવ્યા. ગુરુભગવંતને ખબર પડી જતાં રાત્રે જ ત્યાંથી ચાલી નીકળ્યા અને વડાવલી પહોંચી ગયા. ઘોડેસવારોએ કુણેગરને ઘેરી લીધું હતું પણ તપાસ કરતા ખબર પડી કે સાધુઓ અહીં નથી. એટલે પગલે-પગલે તે પણ વડાવલી પહોંચ્યા. વડાવલીમાં તોલા ધામી નામનો શ્રાવક રહેતો હતો. તેણે પોતાના ઘરના ભોંયરામાં ગુરુભગવંતને છુપાવી દીધા. ઘોડેસવારો નિરાશ થઈને પાછા ફર્યા. આ આફતમાંથી બચવા ગુરુભગવંતને ત્રણ મહિના ગુપ્તપણે રહેવું પડ્યું.

આવા અનેક ઉપદ્રવોમાંથી ગુરુભગવંતને પસાર થવું પડ્યું. ક્યારેક તો રીતસર ભાગવું જ પડ્યું હોય. આવા બધા ઉપદ્રવો લગભગ વિ. સં. ૧૬૩૬ સુધી ચાલ્યા. પછી શાંતિ થઈ. આના ઉપરથી એ કાળની અંધાધૂંધીનો અંદાજ આવી શકે છે.

## (૩)

આ સમયે દિલ્હીના તખ્ત ઉપર બાદશાહ અકબરનું સામ્રાજ્ય હતું.

એક વખત અકબર મહેલના ઝરુખે બેસીને નગરચર્યા જોઈ રહ્યો હતો. તે વખતે એક વરઘોડો ત્યાંથી નીકળ્યો. અનેક પ્રકારના વાંજિત્રો ને હજારો સ્ત્રી-પુરુષોની ભીડ જોઈને અકબરે પાસે ઉભેલા ટોડરમલ્લને પૂછ્યું – 'આ બધો ઉત્સવ શાને માટે છે ?' ટોડરમલ્લે કહ્યું 'સરકાર ! ચંપા નામની જૈન બાઈએ છ મહિનાના ઉપવાસ કર્યા છે ને એની ખુશાલીમાં આ જુલૂસ કાઢ્યું છે.'

છ મહિનાના ઉપવાસની વાતથી અકબરને આશ્ચર્ય થયું ને ચંપા શ્રાવિકાને મળવાની ઈચ્છા દર્શાવી. પોતાના માણસોને મોકલીને માનપૂર્વક પોતાના મહેલમાં બોલાવીને પૂછ્યું – "માતાજી ! તમે કેટલા ઉપવાસ કર્યા છે ? કેવી રીતે કર્યા ?"

"જહાંપનાંહ ! મેં છ મહિનાના ઉપવાસ કર્યા છે. અમારા ઉપવાસમાં દિવસ દરમિયાન ફક્ત ગરમ પાણી જ પીવાનું હોય છે. રાત્રે તો તે પણ નહીં."

"ઓહો ! પણ આટલા બધા ઉપવાસ કઈ રીતે શક્ય છે ? તમે કઈ રીતે કરી શક્યા ?"

"જહાંપનાહ ! મારા ગુરુ મહારાજ શ્રીહીરવિજયસૂરિ મહારાજના પ્રતાપથી જ હું આટલી તપશ્ચર્યા કરી શકી છું. આ બધો જ તેમનો પ્રભાવ છે." ચંપા શ્રાવિકા બોલી ત્યારે એના મોઢા પર શ્રદ્ધાની એક અનોખી ચમક હતી. ને એ શ્રદ્ધાના દર્શને અકબરના હૈયામાં હીરવિજયસૂરિ મહારાજનું નામ રમતું થઈ ગયું.

અકબરે માનુકલ્યાણ અને થાનસિંઘ રામજી નામના જૈન આગેવાનોને બોલાવીને કહ્યું કે – "તમે હીરવિજય-સૂરિને અહીં પધારવા માટે વિનંતિ પત્ર લખો. અને હું પણ એક પત્ર લખું છું."

બન્ને પત્રો તૈયાર થયા અને બાદશાહે મોદી અને કમાલ નામના બે મેવાડાઓ સાથે ગુજરાતના તે વખતના સૂબા શિહાબખાન ઉપર મોકલ્યા. સાથે શિહાબખાનને ખાસ હુકમ કર્યો કે "હીરવિજયસૂરિ મહારાજને હાથી, ઘોડા, પાલખી અને બીજી તમામ આર્થિક સહાયતાના આડંબર સાથે મોકલશો."

ખુદ સમ્રાટનો પત્ર વાંચીને શિહાબખાન સ્તબ્ધ બની ગયો. એને યાદ આવ્યું કે "આ એજ હીરવિજયસૂરિ છે જેના ઉપર મેં અનીતિપૂર્વક જુલ્મી ઉપદ્રવ કર્યો હતો. અંતે એવી આફતમાં આવી પડ્યા હતા કે તેમને ઉઘાડા શરીરે મારા દુષ્ટ સિપાઈઓના પંજામાંથી ભાગી જવું પડ્યું હતું"– એના હૈયામાં પસ્તાવો થયો, બીક પણ લાગી કે બાદશાહ જાણશે તો પોતાનું શું થશે ?

અમદાવાદના આગેવાન શ્રાવકોને બોલાવીને તેમને પત્ર સોંપ્યો તથા બાદશાહનો પોતાના પરનો પત્ર વાંચી સંભળાવ્યો. સાથે ભલામણ કરી કે – "જ્યારે સમ્રાટ ખુદ આવા માન સાથે આમંત્રણ મોકલે છે ત્યારે મહારાજને જવા માટે વિનંતિ કરવી જોઈએ. તેમના પધારવાથી તમારા ધર્મનું ગૌરવ વધશે."

તે વખતે ગુરુભગવંત ગંધાર બિરાજમાન હતા. એટલે વચ્છરાજ પારેખ, કુંવરજી ઝવેરી વગેરે શ્રાવકો ગંધાર ગયા. સાથે ખંભાતના સંઘને પણ ગંધાર આવવા જણાવ્યું એટલે ત્યાંથી સંઘવી ઉદયકરણ, પારેખ વજીઆ, પારેખ રાજીઆ, રાજા શ્રીમલ્લ ઓશવાલ વગેરે સીધા ગંધાર પહોંચ્યા.

બપોરે અમદાવાદ, ખંભાત અને ગંધાર સંઘના શ્રાવકો, ગુરુભગવંત, શ્રીવિમલહર્ષ ઉપાધ્યાય, બીજા પ્રધાન મુનિઓ વગેરે એકાંતમાં વિચાર કરવા બેઠા. અકબરનું નિમંત્રણ તથા ફતેપુર સિક્રીના સંઘનો વિનંતિપત્ર બન્ને ગુરુભગવંતને આપ્યા.

અકબરનો સ્વભાવ બધે જાણીતો હતો. ગુણો અને અવગુણોનું સંમિશ્રણ એટલે અકબરનું જીવન. એ શાંત હતો તો ક્રોધી પણ એવો જ હતો. ઉદારતા એનામાં હતી તો લોભવૃત્તિ પણ હતી જ. એ દયાળુ હતો તો ક્રૂર પણ એવો જ હતો. એને દારૂ અને શિકારનાં વ્યસનો જબરદસ્ત હતા.

વિ. સં. ૧૫૬૬ની સાલમાં અકબરનો ભાઈ મુહમ્મદ હકીમ અફઘાનીસ્તાનમાંથી પંજાબ ઉપર ચઢી આવ્યો હતો. તેને પાછો હઠાવવા અકબર ગયો. પણ અકબરના આગમનના સમાચારથી જ પેલો ભાગી છૂટ્યો અને અકબરને લડાઈનો પ્રસંગ ન મળ્યો. પણ તે વખતે લાહોરની પાસેના એક જંગલમાં ૧૦ માઈલના ઘેરાવામાં ૫૦ હજાર માણસોને ગોઠવી દીધા. તેઓએ હાકોટા પાડીને પ્રાણીઓને ભેગાં કરવાનાં હતાં. ભેગાં કરવાનું કામ એક મહિના સુધી ચાલ્યું. બધાં પ્રાણીઓ ભેગાં થયાં એટલે અકબર આવ્યો અને તલવાર, ભાલા, બંદૂક, બાણ વગેરેથી તે પ્રાણીઓનો પાંચ દિવસ સુધી ક્રૂરતાપૂર્વક સંહાર કર્યો. આ શિકારને ‘કમર્ઘ’ નામના શિકારથી ઓળખવામાં આવે છે અને કહેવાય છે કે આવો શિકાર પહેલાં થયો ન હતો ને પછી કોઈએ જોયો નથી. આના ઉપરથી અંદાજ આવે કે અકબર કેવો ક્રૂર હશે !

પ્રાણીઓની જેમ એ માણસોને પણ અરસપરસ લડાવતો અને અંતે પાશવી આનંદ માણતો. તે જો ખુશ થઈ

જાય તો બધું જ માફ કરી દેતો પણ જો નારાજ થઈ ગયો તો શું સજા કરશે તે કોઈ કળી શકતું નહીં. એકવાર એની પાસે ફરિયાદ આવી કે કોઈક માણસે કોઈના જોડા ચોર્યા છે, એટલે તેણે તેના બે પગ કાપી નાખવાનો હુકમ કર્યો. એનામાં ક્રોધની માત્રા એટલી બધી હતી કે ક્યારેક ન્યાય-અન્યાય કશું જ જોયા વગર ગુનેગારને હાથીના પગ નીચે કચડવાની, ખીલા જડીને મારવાની, ગળું કાપવાની કે ફાંસીની શિક્ષા પણ આપી દેતો. શરીરના અંગો છેદી નાખવા કે સખ્તાઈથી ફટકા મારવાના હુકમ તો એ વાત વાતમાં આપી દેતો.

ઈ. સ. ૧૫૬૭માં એણે જ્યારે ચિત્તોડ પર ચઢાઈ કરી ત્યારની એની ક્રૂરતાનું વર્ણન આજે પણ કમકમાટી ઉપજાવે તેવું છે. જ્યારે એને લાગ્યું કે જીતી નહીં શકાય સફળતા અઘરી છે ત્યારે એણે સૈન્યને આદેશ કર્યો કે ચિત્તોડનું કૂતરું પણ દેખાય તો એની કતલ કરી નાખજો. ત્યાંની ચાલીસ હજારની ગરીબ ખેડૂત વર્ગની વસ્તી ઉપર એવી નિર્દયતાથી કતલ ચલાવી કે ત્રીસ હજારને તો જોતજોતામાં કાપી નાખ્યા. પછી તો એના શરણે આવનારા ધનિકોને પણ ન છોડ્યા. ત્યાં સુધી કે નિર્દોષ કન્યાઓ અને સ્ત્રીઓને પણ આગમાં નાખી-નાખીને બધાંના પ્રાણ લીધાં. આવા પાપના કારણે જ ‘તું આમ કરે તો તારા ઉપર ચિત્તોડની લડાઈનું પાપ !’ એવી કહેવત પડી ગઈ. જે રાજપૂતો આ લડાઈમાં

ખપી ગયા તેમની જનોઈઓ તોળવામાં આવી તો તેનું વજન ૭૪॥ મણ થયું હતું. અકબરના આવા સ્વભાવ ને જીવનથી પરિચિત શ્રાવકો આમંત્રણ સ્વીકારીને ગુરુભગવંતને મોકલવામાં ડરતા હતા.

છેવટે ગુરુભગવંતે કહ્યું :— "જુઓ, આપણા પૂર્વાચાર્યોએ માત્ર શાસનસેવા માટે માન - અપમાન ગૌણ કરીને ય રાજાઓને પ્રતિબોધ કર્યો હતો. જો કે એવી શક્તિ મારી પાસે નથી જ, છતાં પણ તેમના પુણ્યપ્રતાપથી શાસન સેવા માટે ઉદ્યમ કરવો, એ મારી ફરજ છે. એટલે આમંત્રણ પાછું ઠેલવું મને વ્યાજબી લાગતું નથી."

ગંભીર વિચારણાને અંતે દિલ્હી જવાનું નક્કી કરવામાં આવ્યું અને માગસર વદ-૭ના દિવસે ગુરુભગવંતે ગંધારથી વિહાર કર્યો. ચાંચોલ, જંબૂસર, ધૂઆરણ થઈ વટાદરા પધાર્યા. અહીં રાત્રે ગુરુભગવંતને એક દિવ્ય અનુભવ થયો—

પોતે અલ્પનિદ્રામાં હતા ત્યારે તેમણે જોયું કે એક દિવ્ય આકૃતિવાળી સ્ત્રી તેમની સમક્ષ ઊભી છે. તેના હાથમાં કંકુ અને મોતી છે. મોતીથી પોતાને વધાવીને કહેવા લાગી "પૂર્વ દિશામાં રહીને લગભગ સમગ્ર ભારતવર્ષ ઉપર રાજ્ય કરનાર બાદશાહ અકબર આપને પણ ચાહે છે. માટે કોઈ પણ જાતની શંકા રાખ્યા સિવાય આપ પધારો અને ભગવાન મહાવીરના શાસનની શોભાને વધારો. આપના

પધારવાથી બીજના ચંદ્રની જેમ આપની કીર્તિ વધશે.'' સવારે તે સ્થળેથી કંકુ-મોતી મળ્યાં.

આવા દિવ્ય સંકેતથી ગુરુભગવંતના હૈયામાં અપૂર્વ ઉત્સાહ પ્રગટ થયો. અને ત્યાંથી વિહાર કરતા-કરતા અમદાવાદ પધાર્યા. કુંવરજી ઝવેરી વગેરેએ શિહાબખાનને સૂરિજી પધાર્યાની વધામણી આપી. પોતાનો અપરાધ યાદ આવતા સૂરિજી પાસે જવા માટે તેનો પગ ઉપડતો ન હતો. છતાંય ગયા વગર છૂટકો પણ ન હતો. ગયો અને ગુરુભગવંતના પગે પડીને પોતાના અપરાધની માફી માગી. અને પછી બાદશાહનો હુકમ કહ્યો. સૂરિજીએ કહ્યું – ''ભાઈ ! અમે સાધુ છીએ, હાથી-ઘોડા કે ધન-દૌલત કશાયના અમને બંધન ન હોય. અમે અમારી મસ્તીમાં જીવનારા છીએ. બાદશાહની વિનંતિથી દિલ્હી જઈએ છીએ, ને અમારા આચાર પ્રમાણે અમે પગે ચાલીને જ જઈશું. વળી અમારે શત્રુ-મિત્ર બધાં જ સરખા. એટલે તમારા માટે અમારા મનમાં કોઈ રોષ નથી. માટે નિશ્ચિંત રહેજો.''

અમદાવાદમાં થોડોક જ વખત સ્થિરતા કરી સૂરિજીએ આગળ વિહાર કર્યો. અકબરનો પત્ર લઈને આવેલા બે મેવાડા - મૌંદી અને કમાલ સાથે જ ચાલ્યા. સૂરિજી પાટણ પધાર્યા. ત્યાં ૭ દિવસ સ્થિરતા કરી અને કેટલીક પ્રતિષ્ઠાઓ કરાવી. ત્યાંથી વડાવલી પૂ. દાનસૂરિમહારાજના પાદુકાને વંદના

કરી સિદ્ધપુર પધાર્યા. સંઘ તથા સાધુઓના યોગક્ષેમ માટે શ્રીસેનસૂરિમહારાજ ગુજરાતમાં જ રહે તેવો નિર્ણય કર્યો. તેથી તેઓ વડાવલીથી વિહાર કરી પાછા પાટણ પધાર્યા.

સૂરિજીએ ઉપા.વિમલહર્ષ વ. કેટલાક સાધુઓને દિલ્હી તરફ ઝડપી વિહાર કરાવ્યો, જેથી ત્યાંની પરિસ્થિતિ તથા બાદશાહની મનઃસ્થિતિનો ખ્યાલ આવે.

ધીરે-ધીરે વિહાર કરીને સૂરિજી જ્યારે સાંગાનેર પધાર્યા ત્યારે ઉપા. શ્રીવિમલહર્ષ વગેરે ફતેપુરસિક્રી પહોંચી ગયા. થાનસિંહ, માનુકલ્યાણ, અમીપાલ વગેરે શ્રાવકો તેમને લેવા માટે ગયા. ઉપાધ્યાયજી બાદશાહની મુલાકાત માટે બહુ ઉત્સુક હતા. મુકામ કર્યા પછી તરત જ શ્રાવકોને કહ્યું કે – 'ચાલો, આપણે બાદશાહને મળી લઈએ.' શ્રાવકોએ કહ્યું – 'પહેલાં આપણે બાદશાહના ખાસ માનીતા શેખ અબ્બુલફજલને મળીએ.' નક્કી કરીને શ્રાવકો અબ્બુલફજલ પાસે ગયા અને હીરસૂરિમહારાજના શિષ્યો આવ્યાની વાત કરી. સાથે-સાથે બાદશાહને મળવા ચાહે છે એ પણ જણાવ્યું. એટલે અબ્બુલફજલે કહ્યું – 'ખુશીથી તેઓને લાવો, આપણે બાદશાહ પાસે લઈ જઈએ.'

બધા જ અબ્બુલફજલના ઘરે ગયા. પરિચય વગેરે ઔપચારિકતા પૂર્ણ થયા બાદ ઉપાધ્યાયજીએ પ્રશ્ન કર્યો - 'અમે જૈન સાધુઓ છીએ. બધું જ મૂકીને આવ્યા છીએ.

મંત્ર-તંત્ર વગેરે પણ કશું કરતા નથી તો પછી બાદશાહે શા માટે સૂરિજીને બોલાવ્યા છે ?'

અબ્બુલફજલે માત્ર એટલું જ કહ્યું :— 'બાદશાહને આપનું બીજું કોઈ કામ નથી. માત્ર તેઓ આપની પાસે ધર્મ સાંભળવા માગે છે.'

પછી અબ્બુલફઝલ તે સાધુઓને બાદશાહ પાસે લઈ ગયો અને ઓળખાણ કરાવી. 'આ હીરવિજયસૂરિના શિષ્યો છે' - એ જાણતા જ સિંહાસનથી ઊઠીને બાદશાહ ઉપાધ્યાયજી વગેરે જ્યાં ઊભા હતા ત્યાં આવ્યો. ઉપાધ્યાયજીએ પોતાના તરફથી અને ગુરુભગવંત તરફથી 'ધર્મલાભ'રૂપ આશીર્વાદ પાઠવ્યા. બાદશાહે પૂછ્યું : 'મને તે પરમકૃપાળુ સૂરીશ્વરજીનાં દર્શન ક્યારે થશે ?'

અકબરે પોતાના હજુરિયા પાસે ચારે મહાત્માઓનાં નામો, પૂર્વાવસ્થાનાં નામો, તેમનાં માતા-પિતાનાં તથા ગામનાં નામો લખાવી લીધા. પછી થોડીક ધર્મચર્ચા કરી.

અકબર સાથેની પ્રથમ મુલાકાતથી ઉપાધ્યાયજી તથા બીજા મુનિવરોને ખાતરી થઈ ગઈ કે - 'બાદશાહના સંબંધમાં જે કંઈ કિંવદંતીઓ સંભળાતી હતી તેવું કશું નથી. આ માણસ ખરેખર વિનયી, વિવેકી ને સભ્ય છે. વિદ્વાનોની ખરેખર કદર કરે છે અને ધર્મની જિજ્ઞાસા પણ સારી છે.'

આ બાજુ સૂરિજી સાંગાનેરથી ઝડપી વિહાર કરી અભિરામાબાદ પધાર્યા. ઉપાધ્યાયજી વગેરે સાધુઓ પણ

ફતેપુરસિક્રીથી અહીં ગુરુભગવંતની સામે આવ્યા. અને અબ્બુલફજલ તથા અકબર સાથેની મુલાકાતનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

વિ. સં. ૧૬૩૯ જેઠ વદ-૧૨ના દિવસે રાજાશાહી ઠાઠ સાથે સૂરિજીએ પોતાના અનેક શિષ્યો સાથે ફતેપુરસિક્રીમાં પ્રવેશ કર્યો. ઘરેઘર અને જન-જનનાં હૈયામાં ઓચ્છવ મંડાઈ ગયો. દિલ્હીના જૈનસમાજે સ્વપ્નેય નહોતું વિચાર્યું કે 'સૂરિજી આપણા આંગણે પધારશે.' તે બન્યું હતું. લોકોએ હરખભેર સૂરિજીનાં વધામણાં કર્યાં અને ઉપાશ્રયે બિરાજમાન કર્યા.

## (૪)

બીજા જ, જેઠ વદ-૧૨ના, દિવસે થાનસિંહ વગેરે આગેવાન શ્રાવકો સૂરિજી પાસે પહોંચી ગયા. સૂરિજીની પહેલી મુલાકાત અબ્બુલફજલ સાથે થઈ. ત્યાં થયેલી તાત્ત્વિક ચર્ચાઓથી અબ્બુલફઝલ ખૂબ પ્રભાવિત થયા. લગભગ બપોરનો સમય થઈ ગયો હતો. એટલે સૂરિજીએ આયંબિલ ત્યાં જ કરી લીધું.

આ બાજુ અકબરે દરબારમાં આવતાની સાથે જ સૂરિજીને પધારવા માટે સમાચાર મોકલ્યા. અબ્બુલફજલની સાથે આચાર્ય ભગવંત, કેટલાક સાધુઓ તથા થાનસિંહ વગેરે શ્રાવકો દરબારમાં ગયા. સૂરિજીના આગમનથી અકબર એટલો હરખઘેલો થયો કે સિંહાસનથી ઊઠીને જાણે દોડતો જ સામે ગયો. અને બેઠકખાના પાસે લઈ ગયો. ત્યાં ઊભા-ઊભા કુશળ સમાચાર પૂછ્યા અને વિહાર કઈ રીતે કરીને આવ્યાની વિગત જાણી, આવા કઠોર આચારપાલન

માટે એના ચિત્તમાં આદર ઉત્પન્ન થયો અને મનમાં થયું કે અહીં બોલાવીને તો સૂરિજીને મેં કષ્ટ આપ્યું !!!

સૂરિજીના શબ્દે-શબ્દે અકબરની જિજ્ઞાસા વધતી જતી હતી તેને હજી ઘણી વાતો કરવી હતી. હરખમાં ને હરખમાં સૂરિજીને બેસવાનું પણ કહ્યું નથી એ યાદ આવતા તેણે સૂરિજીને અંદર ચિત્રશાળામાં પધારવા અરજ કરી. આચાર્ય ભગવંતે સ્વીકારી તો ખરી પણ ચિત્રશાળા આગળ જઈને ઊભા રહી ગયા. ત્યાં ગલીચો પાથરેલો હતો. બાદશાહને પ્રશ્ન થયો 'કેમ ?' સૂરિજીએ કહ્યું - 'રાજન્ ! આ ગલીચા ઉપર ચાલવાનો અમારો આચાર નથી !'

"કેમ મહારાજ ! આ તો એકદમ સ્વચ્છ છે. કોઈ જીવજંતુ ઉપર કે નીચે છે નહીં તો પછી શું વાંધો ?"

"રાજન્ ! અમારે પગ મૂકતા પહેલાં જમીન ઉપર દૃષ્ટિ કરવી પડે. કોઈ જીવજંતુ ન હોય તોજ ત્યાં પગ મૂકાય. અને ગલીચા નીચેની જમીન જોઈ શકાતી નથી, માટે ત્યાં પગ ન મૂકી શકાય."

બાદશાહને આ સાંભળીને કંઈક રમજૂ થઈ કે 'આની નીચે જીવો ક્યાંથી હોય ?' એણે પોતાના ગલીચાનો એક છેડો ઊંચો કર્યો ને એ સાથે જ એના મોઢામાંથી શબ્દો નીકળ્યા – 'હેં...! આ શું ?' ત્યાં ઢગલાબંધ કીડીઓ હતી. બાદશાહ ચકિત થઈ ગયો. 'ખરેખર ! સાચા ફકીર તે

આનું નામ.' એમ એના મોઢામાંથી પ્રશંસા સરી પડી. ગલીચો દૂર કર્યો અને સૂરિજી અંદર પધાર્યા.

સૂરિજીએ ધર્મનું સાચું સ્વરૂપ સમજાવ્યું. વાત વાતમાં અકબરે કહ્યું – 'મહારાજ ! મને મીન રાશિમાં શનિની દશા છે. બધા કહે છે કે એ ખૂબ અશુભ છે. મને ભય છે, એ દૂર થાય એવો ઉપાય કહો ને !' સૂરિજીની ના છતાં બાદશાહે આગ્રહ કર્યો ત્યારે સૂરિજીએ કહ્યું : 'રાજન્ ! મંત્ર વગેરે કરવાનો અમારો આચાર નથી. હાં ! તમે જીવો ઉપર મહેર કરશો, જીવોને અભયદાન આપશો તો ચોક્કસ આપનું સારું થશે. બીજાનું સારું કરવાથી આપણું સારું જ થાય છે. એ કુદરતનો કાયદો છે.' આ સાંભળીને અને સૂરિજીની આચાર દઢતા જોઈને અકબર ખૂબ રાજી થયો. પછી સૂરિજીના શિષ્યો કેટલા ?, એમના ગુરુજીનું નામ શું ? – વગેરે પ્રશ્નો પૂછ્યા.

પછી પોતાના મોટા દીકરા શેખૂજી પાસે પુસ્તકો મંગાવીને સૂરિજીને દેખાડ્યા. તે જોઈને સૂરિજી પ્રસન્ન થયા અને – 'આપની પાસે આવો ઉત્તમ ભંડાર ક્યાંથી ?' એમ પૂછ્યું.

'આ ભંડાર નાગપુરીય તપાગચ્છના પદ્મસુંદર નામના સાધુનો છે. એમના સ્વર્ગવાસ પછી અહીં સાચવ્યો છે.' આ હકીકત જણાવીને એ ભંડાર સૂરિજીને લઈ લેવા માટે અકબરે

આગ્રહ કર્યો. સૂરિજીએ પોતાની મર્યાદા જણાવીને ના પાડી. બાદશાહનો ખૂબજ આગ્રહ હતો એટલે અબ્બુલફજલના સમજાવવાથી સૂરિજીએ સ્વીકારવાની સંમતિ આપી. ને આગ્રામાં અકબરના નામથી જ એક ભંડાર ખોલવામાં આવ્યો અને તેમાં આ પુસ્તકો રાખવામાં આવ્યા.

થોડો વખત ફતેપુરસિક્રીમાં સ્થિરતા કરીને સૂરિજી આગ્રા પધાર્યા. ચોમાસું પણ ત્યાં જ કર્યું. પર્યુષણ પર્વ નજીક આવ્યા ત્યારે શ્રાવકોને વિચાર આવ્યો કે – 'આ દિવસોમાં જો જીવહિંસા બંધ રહે તો કેવું સારું ? ને અત્યારે સૂરિજીનો પ્રભાવ બાદશાહ ઉપર છે ને બાદશાહ પણ અનુકૂળ છે તો આ થઈ શકે.' તે વખતે બાદશાહ સિંધુ નદીના કાંઠે હતો. અમીપાલ દોશી વ. શ્રાવકો એની પાસે ગયા ને સૂરિજી તરફથી ધર્મલાભ જણાવ્યા. સૂરિજીની આશિષ પામી અકબર રાજી થયો. પૂછ્યું : 'શું સૂરિજીએ મારા લાયક કંઈ કામ ફરમાવ્યું છે ?

"જહાંપનાહ ! 'અમારા પર્યુષણ પર્વ નજીક છે. તે પાવન દિવસોમાં, કોઈ પણ માણસ કોઈ પણ જીવની હિંસા ન કરે - એવી ઉદ્‌ઘોષણા જો આપના તરફથી કરાવવામાં આવશે તો મને બહુ આનંદ થશે.' એમ સૂરિજીએ કહ્યું છે." અને તે સાથે જ બાદશાહે ફરમાન લખી આપ્યું.

ચોમાસા પછી સૌરીપુરીની યાત્રા કરીને સૂરિજી પાછા આગ્રા પધાર્યા. અહીં ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયની

પ્રતિષ્ઠા કરીને ફતેપુરસિક્રી પધાર્યા. આ વખતે અકબર સાથે લાંબો વખત મુલાકાતો થઈ.

સામાન્યતઃ અકબર સાથે સૂરિજીની મુલાકાત રોજ થતી. પણ સૂરિજી ક્યારેય સામે ચાલીને કશી માગણી કરતા નહીં, કે કશુંક માગવું છે - ની જિજ્ઞાસા પણ એમની આંખોમાં દેખાતી નહીં. માત્ર ધર્મબુદ્ધિથી તેઓ ઉપદેશ આપતા ચર્ચા કરતા. આવી નિઃસ્પૃહતાના કારણે અકબરના મનમાં થયું કે — 'સૂરિજીની પ્રસન્નતા ખાતર તેઓ જે માગે તે આપવું.'

અકબરના અંતઃકરણના આ ભાવનો પડઘો ત્યારે સંભળાયો જ્યારે સૂરિજી અબ્બુલફજલના ઘરે જ્ઞાનગોષ્ઠી કરી રહ્યા હતા ને અકબર અચાનક ત્યાં આવી ચઢ્યો. તેણે સૂરિજીને કહ્યું — "મહારાજ ! આપ આપના અમૂલ્ય સમયનો ભોગ આપી અમને જે ઉપદેશ આપો છો તે ઉપકારનો બદલો અમે વાળી નહીં શકીએ. તો પણ મારા કલ્યાણ માટે મારા લાયક કોઈ કામ બતાવશો તો હું આપનો વધુ ઉપકાર માનીશ. આપની પ્રસન્નતા વધે તેવું કાંઈ પણ કામ ફરમાવશો તો તે કરવા માટે આ સેવક હંમેશા માટે તૈયાર છે." ના, ગુરુભગવંતના ઉપદેશના કોરા શબ્દોનો આ પ્રભાવ ન હતો પણ એ શબ્દો એમના નિર્મળ ચારિત્ર્ય અને તપતેજમાં રસાઈને આવતા હતા તેનો આ પ્રભાવ હતો.

આ વખતે સૂરિજીએ પક્ષીઓને પાંજરામાંથી મુક્ત કરવાનું સૂચવ્યું ને અકબરે રાજી થઈને આ કામ કર્યું. પછી

પર્યુષણને ધ્યાનમાં લઈને અકબરના સમગ્ર રાજ્યમાં જીવહિંસા ન થાય તેવું ફરમાન કરવા ઉપદેશ આપ્યો. અકબર એટલો પ્રભાવિત હતો કે એણે પોતાના તરફથી પોતાના કલ્યાણ માટે ચાર દિવસો ઉમેરીને અમારિનું ફરમાન બહાર પાડ્યું. ફરમાન પત્રમાં સહી-સિક્કા થઈ ગયા પછી રાજસભામાં વાંચવામાં આવ્યું. અકબરે પોતાના હાથે થાનસિંઘને અર્પણ કર્યું. થાનસિંઘે તેને બહુમાનપૂર્વક મસ્તકે ચઢાવ્યું અને બાદશાહને ફૂલો ને મોતીઓથી વધાવ્યો. આ ફરમાનની છ નકલ કરવામાં આવી. તેમાંથી - ૧. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં, ૨. દિલ્હી-ફતેપુરમાં, ૩. અજમેર, નાગપુર વગેરેમાં, ૪. માળવા અને દક્ષિણ દેશમાં, ૫. લાહોર-મુલતાનમાં મોકલવામાં આવી, અને છઠ્ઠી નકલ ખાસ સૂરિજીને અર્પણ કરવામાં આવી.

સૂરિજીની વાણીથી અકબર માત્ર રાજી થતો અને કાર્યો કરતો એમ નહીં પણ એ ભીંજાતો જતો હતો. માત્ર અમારિના ફરમાન લખતો નહતો પણ 'હિંસા એ પાપ છે ને મેં એ પાપો કર્યાં છે' - એવો પશ્ચાત્તાપ એનામાં જાગ્યો હતો. એકવાર ગુરુભગવંત આગળ એની નિખાલસ કબૂલાત કરતાં કહ્યું હતું–

''ગુરુજી ! હું બીજાઓની વાત શા માટે કરું ? મેં પોતે સંસારમાં એવાં પાપો કર્યા છે કે તેવાં પાપો ભાગ્યે જ બીજા કોઈ મનુષ્યે કર્યાં હશે. જ્યારે મેં ચિત્તોડગઢ લીધો ત્યારે મેં

જે પાપો કર્યાં છે તેનું વર્ણન મારાથી પણ થઈ શકે તેમ નથી. તે વખતે રાણાના હાથી, ઘોડા, સ્ત્રી-પુરુષોની તો વાત જવા દો, ચિત્તોડના એક કૂતરાને પણ મેં નહોતું છોડ્યું ! ત્યાં રહેવાવાળા જેને દેખતો તેની કતલ જ કરી દેતો. મહારાજ ! આવાં પાપો કરીને તો મેં કેટલાય ગઢ લીધા ! આ સિવાય શિકાર કરવામાંય કંઈ બાકી નથી રાખ્યું. ગુરુજી ! અરે ! મેડતાના રસ્તે આવતા મારા બનાવેલા હજીરા જોયા હશે. ૧૧૪ હજીરા છે. તેમાં દરેક હજીરા ઉપર પાંચસો હરણના શિંગડા રાખવામાં આવ્યા છે. છત્રીસ હજાર હરણનાં ચામડાનું લ્હાણું તો મેં શેખોનાં ઘરોમાં કર્યું હતું. જેમાં એક-એક ચામડું, બે-બે શિંગડા અને એક-એક સોનૈયો આપ્યા હતા. આના પરથી ખ્યાલ આવશે કે મેં કેટલા શિકાર કર્યા છે ને કેવી ઘોર હિંસા કરી છે !!! અરેરે ! મારાં પાપોનું શું વર્ણન કરું ? હું હંમેશા પાંચસો ચકલાની જીભ ખાતો હતો. પરંતુ આપના દર્શનથી અને પવિત્ર ઉપદેશથી એ પાપકાર્ય મેં છોડી દીધું છે. આપે કૃપા કરીને મને જે રસ્તો દેખાડ્યો છે તેને માટે હું વારંવાર આપનો ઉપકાર માનું છું. ગુરુજી ! હું ખુલ્લા દિલથી કહું તો વર્ષમાં છ મહિના તો મેં માંસ ખાવાનું છોડી દીધું છે ને હંમેશા માટે તેને છોડી દઉં તેમ પ્રયત્ન કરીશ. હવે મને માંસાહાર તરફ બહુ અરુચિ થઈ ગઈ છે.'' અકબરનું આવું હૃદયપરિવર્તન એ સૂરિજીની શ્રેષ્ઠ ઉપલબ્ધિ હતી.

અકબર સૂરિજીની વિદ્વત્તા, નિરીહતા વગેરેથી અત્યંત પ્રભાવિત હતો. સૂરિજીના આવા ગુણોથી પ્રભાવિત થઈને માત્ર જૈનો જ નહીં જગતના બીજા ધર્મવાળાઓ પણ તેમને એટલું જ માન આપતા. એટલે અકબરે એકવાર રાજસભા સમક્ષ તેમને "**જગદ્‌ગુરુ**"ના બિરૂદથી વિભૂષિત કર્યા.

એક વખત અકબર, અબ્બુલફજલ અને બિરબલ વગેરે રાજમંડલ સાથે બેઠો હતો. તેટલામાં શાંતિચંદ્રજી વ. વિદ્વાન મુનિઓ સાથે સૂરિજી પધાર્યા. ધર્મની-તત્ત્વની ચર્ચા થયા પછી બાદશાહે કહ્યું કે - 'મહારાજ ! મારા લાયક કાર્ય-સેવા ફરમાવો. કોઈ સંકોચ કરશો નહીં કારણ કે હું આપનો જ છું અને હું જ જ્યાં આપનો છું તો આ રાજ્ય - ઋદ્ધિ - સમૃદ્ધિ આપનાં જ છે.

જગદ્‌ગુરુ વિચારમાં પડી ગયા કે શું કહેવું ! ત્યાં શાંતિચંદ્રજીએ સૂરિજીના કાનમાં કહ્યું કે – "સાહેબ ! વિચાર શું કરો છો ? એવું માગી લો કે તમામ ગચ્છના લોકો મને પગે પડે ને માને."

શાંતિચંદ્રજીની માગણી ગુરુભક્તિ પ્રેરિત હતી, પણ એમાં રહેલી સ્વાર્થવૃત્તિ અને તુચ્છતાથી જગદ્‌ગુરુના મનમાં વિષાદ થયો અને તે આંખોમાં ડોકાયો. ફરીવાર આવી વાત ન કરવાનો ઈશારો શાંતિચંદ્રજીને ગુરુભગવંતે કર્યો અને અકબર સાથે બીજી વાત કરવા માટે ફર્યા. પણ ઈશારો અને વિષાદ અકબરથી છાના ન રહ્યા. તેણે આગ્રહ કર્યો કે

'શાંતિચંદ્રજીએ આપને શું કહ્યું ? તે કહો'. જગદ્‌ગુરુએ હકીકત કહીને કહ્યું - "આવી માગણી તો દૂર, આવો વિચાર પણ હું સ્વપ્નમાંય ન કરું !!! ગુરુભક્તિથી પ્રેરાઈને શિષ્યો કોઈ વિચાર રજુ કરે, પણ હું આવું કરી તો ન શકું, વિચારી પણ ન શકું. સૌ પોતાની મતિ અનુસાર ધર્મ કરે. મારો તો, સૌ પ્રત્યે સમભાવ રાખીને વર્તવું, એ ધર્મ છે."

આ વાતથી અકબર એટલો ખુશ થયો કે – "આવી નિઃસ્પૃહતા રાખનારા સાધુ તો મેં હીરવિજયસૂરિને જ જોયા છે. જેનામાં તુચ્છ સ્વાર્થનો છાંટોય નથી" - આવી વાત રાજ્યમંડળ સમક્ષ કરી.

અકબર જો કે વારંવાર 'કાર્ય સેવા ફરમાવો'ની માગણી કરતો પણ વારંવાર કહેવાથી જગદ્‌ગુરુને સંકોચ થતો. છતાંય એકવાર જગદ્‌ગુરુએ કહ્યું : "આપે માગણી પ્રમાણે આજ સુધી ઘણાં સારાં કાર્યો કર્યાં જ છે ને વારંવાર મને કહેતા સંકોચ થાય છે છતાં પણ બીજાઓના ભલા માટે એક વાત મૂકું છું કે ગુજરાતમાં તીર્થક્ષેત્રોમાં જે મૂડકું લેવામાં આવે છે ને જીજીયાવેરો લેવાય છે તેનાથી લોકોને બહુ ત્રાસ પડે છે. તો એ બંધ થાય તેવો આદેશ બહાર પડે તો સારું."

જગદ્‌ગુરુના વચનને માન આપી તરત જ તેણે ફરમાન બહાર પાડ્યાં. બીજા રાજ્યોમાં તો બંધ હતો, હવે ગુજરાતમાંથીયે તેની નાબૂદી થતી હતી.

વિ. સં. ૧૬૪૧નું ચોમાસું આગ્રામાં થયું. પછી પાછા ફતેપુરસિક્રી પધાર્યા.

અનુપમ ધર્મપ્રભાવના - શાસનપ્રભાવનાનાં કાર્યો જગદ્‌ગુરુના હાથે થયાં હતાં. જો કે સમય ખૂબ થયો હતો ને શાસન-સંઘની જવાબદારી મોટી હતી. ગુજરાતથી શ્રી વિજયસેનસૂરિ મહારાજના વિનંતિ પત્રો આવતા હતા - 'આપ ગુજરાતમાં જલદી પધારો'. જગદ્‌ગુરુની પણ ગુજરાતમાં જવાની ઈચ્છા થઈ હતી ને જવું હિતાવહ પણ હતું. એટલે અકબરને પોતાની ઈચ્છા જણાવી. અકબર કહે : 'આપને જે કાર્ય હોય તે મને કહો. બધું થઈ જશે. આપ અહીં જ બિરાજો, ગુજરાતમાં જવાની જરૂર નથી.'

''આપની વાત હું સમજું છું પણ કેટલાંક અગત્યનાં કાર્યો માટે જવું જરૂરી છે. અને બનતા સુધી વિજયસેનસૂરિને આપની પાસે મોકલીશ'' - એમ જગદ્‌ગુરુએ સમજાવ્યું ત્યારે બાદશાહે કહ્યું કે — ભલે ! પરંતુ વિજયસેનસૂરિ ન પધારે ત્યાં સુધી વખતોવખત ઉપદેશ આપનારા આપના કોઈ વિદ્વાન શિષ્યને અહીં મૂકીને પધારો.

બાદશાહની વિનંતિથી જગદ્‌ગુરુએ શાંતિચંદ્રજીને ત્યાં રાખ્યા. ત્યાંથી વિહાર કરી વિ. સં. ૧૬૪૨નું ચોમાસું અભિરામાબાદમાં કર્યું.

## (૫)

(૧) શાંતિચંદ્રજી મોટા વિદ્વાન તથા અસરકારક ઉપદેશક હતા. ઘણા વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરીને વિજયપતાકા મેળવી હતી. તેઓ અવારનવાર બાદશાહને મળતા ને ઉપદેશ દ્વારા અથવા શતાવધાન સાધીને પ્રસન્ન કરતા. અકબરે કરેલાં દયાનાં કાર્યોનું વર્ણન કરતું એક અદ્‌ભુત સંસ્કૃત કાવ્ય – 'કૃપારસકોશ' તેમણે રચ્યું હતું. અકબરને તેઓ સંભળાવતા. પરિણામે અકબરે પોતાના જન્મનો આખો મહિનો, રવિવારના દિવસો, સંક્રાંતિના દિવસો અને નવરોજના દિવસો - એ દિવસોમાં કોઈએ હિંસા ન કરવી એવાં ફરમાન કાઢ્યાં હતાં.

એકવાર બાદશાહ લાહોરમાં હતો ત્યારે શાંતિચંદ્રજી પણ ત્યાં હતા. અચાનક એક દિવસ શાંતિચંદ્રજીએ કહ્યું - 'નામવર ! આપની સંમતિ હોય તો હું વિહાર કરવા ઇચ્છું છું.'

બાદશાહ : 'કેમ ? એકાએક શું થયું ?'

શાંતિચંદ્રજી : ના, ખાસ કશું નહીં, પણ કાલે ઈદનો દિવસ છે ને કરોડો જીવોની કતલ થશે. આ સ્થિતિમાં રહેવું મારા માટે શક્ય નથી.

પછી કુરાનેશરીફની કેટલીક આજ્ઞાઓ બતાવી જેમાં ભાજી અને રોટલી ખાવાથી જ રોજા કબૂલ થવાનું જણાવ્યું હતું અને દરેક જીવો ઉપર મહેર રાખવાનું ફરમાવ્યું હતું. બાદશાહ આ વાત સારી રીતે સમજતો હતો. પણ વિશેષ ખાતરી માટે અબ્બુલફઝલ વગેરે કેટલાક ઉમરાવોને ભેગા કરીને મુસલમાનોને માન્ય ગ્રંથો વંચાવ્યા પછી લાહોરમાં ઢંઢેરો પીટાવ્યો – 'કાલે ઈદના દિવસે કોઈએ કોઈ પણ પ્રકારના જીવની હિંસા કરવાની નથી.' આ રીતે કરોડો જીવોને અભયદાન મળ્યું.

આ રીતે વખતોવખત મળતા ઉપદેશથી રાજી થઈને અકબરે પોતાના આખા રાજ્યમાં એક વર્ષમાં છમાસ અને છ દિવસ સુધી કોઈ પણ માણસ કોઈ પણ જીવની હિંસા ન કરે તેવા હુકમો કર્યા હતા. તે પછી શાંતિચંદ્રજી ગુજરાત પધાર્યા અને અકબર પાસે ભાનુચંદ્રજીને મોકલવામાં આવ્યા.

(૨) ભાનુચંદ્રજી અકબરના ખૂબજ પ્રીતિપાત્ર હતા. ફતેપુર-આગ્રા છોડીને અકબર જ્યાં જતો ત્યાં ભાનુચંદ્રજીને પણ સાથે જ લઈ જતો. વચનસિદ્ધ મહાત્મા તરીકે બાદશાહને એમના ઉપર ખૂબ શ્રદ્ધા હતી.

એકવાર બાદશાહને માથામાં દુખાવો ઊપડ્યો. તે કોઈ ઉપાયે મટ્યો નહીં. તેણે ભાનુચંદ્રજીને બોલાવીને વાત કરી ને તેમનો હાથ પકડી પોતાના મસ્તક પર મૂક્યો. ભાનુચંદ્રજીએ કહ્યું : 'આપ જરાય ચિંતા કરશો નહીં, બહુ જલ્દી આરામ થઈ જશે.' ને થોડીવારમાં જ બાદશાહને આરામ થઈ ગયો. આથી તેની તેમના પરની શ્રદ્ધા વધુ દૃઢ થઈ.

બાદશાહને આરામ થયાની ખુશાલીમાં ઉમરાવોએ ૫૦૦ ગાયો ભેગી કરી. અકબરે કારણ પૂછ્યું તો કહે — 'ખુદાવંદ ! આપને આરામ થયો તેની ખુશીમાં કુરબાની કરીશું !' સાંભળીને જ અકબર ગુસ્સે થયો - 'અરે ! આ શું ? મને આરામ થયો તેમાં બીજા જીવોની કતલ ? આ તે કેવો ન્યાય ? આપણું સુખ કોઈની પીડા માટે હોય ? છોડી દો એ ગાયોને અને વિચરવા દો નિર્ભયપણે. આ જ સાચી ખુશાલી છે.' આ જાણીને ભાનુચંદ્રજી ખૂબ રાજી થયા ને આવીને બાદશાહને આશિષ આપ્યા. ધન્યવાદ આપ્યા.

અકબરની સૂર્ય ઉપાસના માટે ભાનુચંદ્રજીએ સૂર્ય-સહસ્રનામ સ્તોત્ર રચ્યું હતું. તેઓ નિત્ય બાદશાહને તે સંભળાવતા હતા.

એક વખત શેખુજી (જહાંગીર)ને ત્યાં મૂલનક્ષત્રમાં પુત્રીનો જન્મ થયો. તે વખતે કેટલાક જોશીઓએ કહ્યું કે 'જો આ પુત્રી જીવશે તો મોટો ઉત્પાત થશે માટે આને પાણીમાં વહેતી મૂકી દેવી જોઈએ.' આ બાબતે ભાનુચંદ્રજીની સલાહ

લેવામાં આવી. તેમણે કહ્યું : 'આ રીતે કરવાની કાંઈ જરૂર નથી. તેની શાંતિ થાય તેના નિર્દોષ ઉપાયો છે જ. અષ્ટોત્તરીસ્નાત્ર તેનો સરસ ઉપાય છે.' બાદશાહ તથા શેખુજીને આ વાત પસંદ પડી. કર્મચંદ્રજીને અષ્ટોત્તરી ભણાવવાનો હુકમ કર્યો. થાનસિંહ અને માનુકલ્યાણની આગેવાની નીચે ઉપાશ્રયમાં એક લાખ રૂપિયાના વ્યય પૂર્વક મોટા ઉત્સવ સાથે સુપાર્શ્વનાથ ભગવાનનું અષ્ટોત્તરીસ્નાત્ર કરવામાં આવ્યું. શ્રીમાનસિંઘે આ સ્નાત્ર ભણાવ્યું. બાદશાહ તથા જહાંગીરે પણ આમાં ઉત્સાહથી ભાગ લીધો. આ સ્નાત્ર વખતે તમામ સાધુ તથા શ્રાવકોએ આયંબિલનું તપ કર્યું હતું. આ કરવાથી બાદશાહનું વિઘ્ન દૂર થયું ને જિનશાસનની અદ્ભુત પ્રભાવના થઈ.

(૩) એકવાર બાદશાહ લાહોરમાં હતો ત્યારે તેને ઈચ્છા થઈ કે- 'જગદ્ગુરુ ફરી પધારે'. પણ અબ્બુલફજલે સમજાવ્યા કે- 'તેઓ વૃદ્ધ થયા છે એટલે અહીં સુધી બોલાવવા ઉચિત નથી.' અકબર સમ્મત થયો ને સેનસૂરિ મહારાજને મોકલવા માટે પત્ર લખ્યો.

જગદ્ગુરુ રાધનપુરમાં બિરાજમાન હતા. પત્ર વાંચીને વિચારમાં પડી ગયા. પોતાની વૃદ્ધાવસ્થામાં સેનસૂરિજીને જુદા પાડવા તેમનું મન માનતું ન હતું પણ વચન યાદ આવતાં તેમણે આજ્ઞા કરી અને વિ.સં. ૧૬૪૯ના માગસર

સુદ-૩ના દિવસે વિજયસેનસૂરિજીએ પ્રયાણ કર્યું. જેઠ સુદ-૧૨ના દિવસે તેઓએ લાહોર પ્રવેશ કર્યો. તેઓ પણ લાંબો વખત અકબર પાસે રહ્યા.

એકવાર બ્રાહ્મણોએ અકબરને કહ્યું કે 'જૈનો સૂર્યને અને ગંગાને માનતા નથી.' દલીલોથી વાત બાદશાહના ગળે ઉતરી ગઈ. આચાર્યશ્રીને અકબરે આ બાબતનું નિરાકરણ કરવા કહ્યું એટલે તેમણે કહ્યું : "અમે-જૈનો સૂર્ય અને ગંગાને જેટલાં માનીએ છીએ તેટલાં કોઈ માનતું નથી. અમે સૂર્યનો ઉદય થયા પહેલાં અને સૂર્યનો અસ્ત થયા પછી પાણી પણ લેતા નથી. સૂર્યની આટલી આમન્યા અમે રાખીએ છીએ. સૂર્યને માનનારાઓ શું આવું કરે છે ખરા ? કે પછી માત્ર પોકળ દાવો જ કરે છે ? રહી વાત ગંગાની. તો ગંગાને માતા તરીકે ઓળખવનારા લોકો તેમાં પડીને સ્નાન કરે છે, ગંદકી કરે છે, મડદાં, હાડકાં પધારવે છે. આ આદર છે ? બહુમાન છે ? તેની સામે, ગંગાના જળનો ઉપયોગ ભગવાનની પ્રતિષ્ઠા જેવા ઉત્તમોત્તમ કાર્યોમાં જ અમે જૈનો કરીએ છીએ. ના, અમે તેમાં ડૂબકી મારતા નથી ને ગંદકી પણ કરતા નથી. હવે આપ જ કહો રાજન્ ! કે જૈનો સૂર્ય અને ગંગાને વધારે માને છે કે આ દાવો કરનારા ?"

બધા જ પંડિતોની બોલતી બંધ થઈ ગઈ. બાદશાહે પ્રસન્ન થઈને સેનસૂરિજીને **'સૂરિ સવાઈ'**ની પદવીથી અલંકૃત કર્યા. એમના ઉપદેશથી ગાય, ભેંસ, બળદ અને પાડાની

હિંસા બંધ કરવામાં આવી. મરેલા મનુષ્યનું ધન ગ્રહણ કરવાનું બંધ કરવામાં આવ્યું. સિંધુ નદી અને કચ્છમાં જ્યાં ઘણાં મચ્છોની હિંસા થતી હતી ત્યાં ચાર મહિના કોઈ જાળ ન નાખે અને જીવોની હિંસા ન કરે તેવો હુકમ પણ બહાર પાડ્યો હતો.

આ રીતે જગદ્‌ગુરુ અને તેમના શિષ્યોના ઉપદેશથી અકબરની દયાવૃત્તિ ખૂબજ વધી હતી. તેનામાં દયાનું ઝરણું કઈ હદે વહેતું થયું તે અબ્બુલફજલે 'આઈન-ઈ-અકબરી'માં કહેલા શબ્દોથી સમજાશે. "અકબર કહેતો કે મારું શરીર યદિ મોટું હોત, કે માંસાહારિયો એક માત્ર મારા શરીરને જ ખાઈને બીજા જીવોના ભક્ષણથી દૂર રહી શકતે તો કેટલું સારું થાત ? અથવા મારા શરીરનો એક અંશ કાપીને માંસાહારિઓને ખવડાવ્યા પછી પણ જો તે અંશ પુનઃ પ્રાપ્ત થતો હોત તો પણ હું રાજી થાત. હું માત્ર એક મારા શરીરથી જ તે બધાને તૃપ્ત કરી શકત !!!" એનામાં પ્રગટેલી દયાનું આથી મોટું પ્રમાણ કયું હોઈ શકે ?

આ ઉપરાંત અમદાવાદ, ખંભાત, પાટણ વગેરે ક્ષેત્રોના સૂબાઓ ઉપર પણ જગદ્‌ગુરુનો ગજબનો પ્રભાવ હતો. તેઓએ પણ એમના ઉપદેશથી હિંસા-નિષેધના ફરમાનો બહાર પાડ્યાં હતાં.

## (૬)

જગદ્ગુરુ એટલે જીવંત વૈરાગ્યની મૂર્તિ. એમના દર્શન માત્રથી પણ ચિત્તમાં વૈરાગ્ય અંકુરિત થાય - આત્માર્થીપણું પ્રગટે, તો એ બોલે તો શું થાય ? એમના ઉપદેશથી અનેક આત્માઓએ દીક્ષા ગ્રહણ કરી હતી. જગદ્ગુરુની પ્રતિપાદન શક્તિ એટલી ગજબ હતી કે લોકોને સત્યાસત્યનું ભાન સ્પષ્ટ થઈ જતું અને અસત્યનો ત્યાગ કરવા તૈયાર થઈ જતા.

● તે સમયમાં લોંકા નામના ગૃહસ્થે જૂદો મત ચલાવ્યો હતો. તે મૂર્તિપૂજાના વિરોધી હતા. કુતર્કોથી લોકોને ભરમાવી પોતાના મતમાં લેતા. એ મતમાં દીક્ષા લેનારા પણ ઘણા હતા. જગદ્ગુરુ પ્રમાણો સહિત મૂર્તિપૂજાની સિદ્ધિ ઠેકાણે-ઠેકાણે કરતા. તેનાથી તે મતને માનનારા ઘણા સાધુઓ અને ગૃહસ્થોના વિચારમાં પરિવર્તન આવ્યું અને તે મત છોડીને તેમણે જગદ્ગુરુ પાસે દીક્ષા સ્વીકારી.

તે મતમાં મેઘજી નામના સાધુ મુખ્ય ગણાતા. શાસ્ત્રોનું અવલોકન કરતાં તેને પણ સત્ય સમજાયું. તેણે ધીમે-ધીમે

બીજા સાધુઓને પણ આ સત્ય સમજાવી પોતાના પક્ષમાં લઈ લીધા. પછી જગદ્‌ગુરુ પાસે દીક્ષા લેવાની ભાવના થઈ. આ માટે જગદ્‌ગુરુ અમદાવાદ પધાર્યા અને વિ. સં. ૧૬૨૮માં મેઘજી ઋષિ સહિત તેના ૩૦ શિષ્યો - અનુયાયિઓએ જગદ્‌ગુરુ પાસે દીક્ષા લીધી. મેઘજી ઋષિનું નામ ઉદ્યોતવિજય રાખ્યું.

● પાટણના અભયરાજ નામના ઓશવાલ ગૃહસ્થ પોતાના કુટુંબ સાથે દીવ બંદરમાં રહેતા હતા. તેમના પત્નીનું નામ અમરાદે હતું. પુત્રી ગંગા તથા પુત્ર મેઘજી હતા. ગંગાને સાધ્વીજી પાસે અભ્યાસ કરતાં વૈરાગ્ય થયો. તેણે માતા-પિતાને વાત કરી. સંયમધર્મની દુષ્કરતા તેમણે સમજાવી પણ ગંગા પોતાના નિર્ણયમાં મક્કમ હતી. એટલે માતાએ કહ્યું – 'તું દીક્ષા લઈશ તો હું પણ સાધ્વી થઈશ.' અભયરાજ વિચારે છે કે બન્ને દીક્ષા લે તો મારે સંસારમાં રહીને શું કરવું ? તેણે પોતાના પુત્ર મેઘજીને વાત કરી કે અમે દીક્ષા લઈશું, તું સુખે સંસારમાં રહે. દીકરો કહે : 'પિતાજી ! ચિંતા ન કરો, હું ય આપની સાથે દીક્ષા જ લઈશ.' નાની ઉંમરે મેઘકુમારનું વૈરાગ્ય જોઈ તેની કાકીને ય સંસાર છોડવાનું મન થયું.

એકના હૈયામાં જાગેલા વૈરાગ્યે ૫-૫ જણને જગાડી દીધા. અને આ જોઈ અભયરાજના ચાર વાણોતરોનેય સંસાર છોડવાની ભાવના જાગી. આમ ૯-૯ જણા તૈયાર

થયા. જગદ્‌ગુરુને ખંભાત પત્ર લખાયો. તેમની સંમતિ મળતા નવે જણ ખંભાત ગયા. ખૂબ ધામધૂમપૂર્વક દીક્ષાનો મહોત્સવ ઉજવાયો. દીક્ષાના મંડપમાં વિધિનો પ્રારંભ થયો. આવું અદ્‌ભુત વૈરાગ્યઝરતું દૃશ્ય જોઈને શ્રીમાળી જ્ઞાતિના નાના નાગજીને થયું : 'હું યે આમાં જોડાઈને મારું કલ્યાણ સાધી લઉં' ને ત્યાં જ બધાની સાથે તેણે દીક્ષા લીધી.

'મારો છોકરો સાજો થશે તો આપને વહોરાવીશ-' એમ કહીને પણ વચનથી ફરી જઈને જગદ્‌ગુરુને રત્નપાલદોશીએ ઉપસર્ગ કરાવ્યો હતો. તેના દીકરા રામજીએ સમજણ આવતા આ હકીકત જાણી હતી. ને લગ્ન નહતા કર્યા. તેને થયું કે 'આ તક છે. મારા પરિવારવાળા ગમે તે કહે હું તો જગદ્‌ગુરુનો શિષ્ય જ છું' - એમ વિચારી ભાગીને દીક્ષા લઈ લીધી. આ રીતે ખંભાતમાં એકસાથે ૧૧ જણાની  દીક્ષા થઈ.

● વિરમગામમાં વીરજી મલિક નામનો વજીર રહેતો હતો. તેની સાથે હંમેશા ૫૦૦ ઘોડેસવારો રહેતા. તેનો પુત્ર સહસકિરણ અને તેનો પુત્ર ગોપાળજી હતો. નાની ઉંમરથી ગોપાળજીને ધર્મ ઉપર પ્રીતિ હતી. સાધુઓનો જ સહવાસ તેને ગમતો. તેનામાં કુદરતી કવિત્વ શક્તિ હતી. નાની ઉંમરમાં જ ઘણો અભ્યાસ કર્યો. તેને દીક્ષા લેવાનો વિચાર થયો. સાથે જ તેણે પોતાના ભાઈ કલ્યાણજી અને બહેનને પણ દીક્ષા માટે તૈયાર કર્યા. ત્રણેય જણ પરિવારની સંમતિ લઈ જગદ્‌ગુરુ પાસે અમદાવાદ ગયા. દીક્ષા નિમિત્તે મોટો

મહોત્સવ થયો. એમની દીક્ષા જોઈને બીજા પણ મુમુક્ષુઓ તૈયાર થયા અને એક સાથે ૧૮ જણાની દીક્ષા થઈ. ગોપાળજીનું નામ સોમવિજયજી રાખ્યું. આ આગળ જતાં ઉપાધ્યાય થયા અને જગદ્ગુરુના પ્રધાન તરીકે રહ્યા. કલ્યાણજીનું નામ કીર્તિવિજય રાખ્યું. ઉપાધ્યાય વિનય-વિજયજી મ.ના ગુરુ તે આ જ કીર્તિવિજયજી. ને બહેનનું નામ વિમલશ્રી પાડ્યું.

● જગદ્ગુરુ બાદશાહ પાસે હતા ત્યારે તેમની વિહાર વેળાએ અકબરના માનીતા નાગોરી ગૃહસ્થ જૈતાશાહે પોતાને દીક્ષા આપવા વિનંતી કરી. તે માટે રોકાઈ જવા કહ્યું. અકબરની તેણે રજા લીધી. પછી જગદ્ગુરુ પાસે દીક્ષા લીધી. તેમનું નામ જિનવિજયજી રાખ્યું. તે બાદશાહી યતિના નામથી પ્રસિદ્ધ થયા.

● જગદ્ગુરુ શિરોહીમાં હતા ત્યારે સ્વપ્ન આવ્યું કે - હાથીના નાના ચાર બચ્ચાં સૂંઢમાં પકડીને પુસ્તક ભણે છે. જગદ્ગુરુને થયું કે પ્રભાવક ચાર ચેલા મળવા જોઈએ. ને થોડા જ વખતમાં એ સ્વપ્ન જાણે ફળ્યું. રોહ ગામના પ્રસિદ્ધ શ્રીવંત શેઠ અને તેમના કુટુંબના બીજા નવ જણા એક સાથે જગદ્ગુરુ પાસે દીક્ષા લેવાને તૈયાર થયા. શ્રીવંત શેઠ, તેમના પત્ની લાલબાઈ, તેમના ચાર પુત્રો ધારો - મેઘો - કુંવરજી - અજો, તેમની પુત્રી, બહેન તથા બનેવી અને ભાણેજ. આ દશેય જણાની દીક્ષા થઈ.

● આ જ શિરોહીમાં એક વરસીંગ નામનો ધાર્મિક વૃત્તિવાળો ગૃહસ્થ હતો. તેના લગ્ન નક્કી થયા ને તે માટે તૈયારી ચાલતી હતી. તેને ધાર્મિક ક્રિયાઓ માટે ઘણી રુચિ હતી. લગ્નનો દિવસ નજીક હોવા છતાં ને ઘરે ધામધૂમ હોવા છતાં તે ક્રિયા છોડતો નહીં. તેમાં એક દિવસ ઉપાશ્રયમાં માથે કપડું ઓઢીને સામાયિક કરી રહ્યો હતો. ઘણાં લોકો વંદન કરવા ઉપાશ્રયમાં આવતાં હતાં, તેમાં વરસીંગની પત્ની પણ હતી. સાધુઓને વંદન કરતાં-કરતાં આને સાધુ સમજીને વંદન કર્યું. આ જોઈને પાસે બેઠેલા ગૃહસ્થે રમૂજ કરી કે 'વરસીંગ ! હવે તારાથી પરણાશે નહીં. તે તને સાધુ સમજીને વંદન કરી ગઈ.' વરસીંગે કહ્યું : 'તમારી વાત સાચી છે. હું પ્રયત્ન કરીશ કે જેથી બધાં સાચું વંદન કરે.' તેણે ઘરે જઈને દીક્ષાનો સંકલ્પ જાહેર કર્યો. રજા ન મળે ત્યાં સુધી ખાવું-પીવું છોડી દીધું. છેવટે બધાએ રજા આપી. ધામધૂમથી દીક્ષા આપી. આગળ વધી પંન્યાસ થયા અને ૧૦૮ શિષ્યોના ગુરુ બન્યા.

આ સિવાય પાટણના સંઘજીને જગદ્‌ગુરુના ઉપદેશથી વૈરાગ્ય થયો ને તેણે બીજા સાત જણ સાથે દીક્ષા અંગીકાર કરી.

આ તો માત્ર ઈશારા છે આવા તો ઢગલાબંધ પ્રસંગો બન્યા છે જેમાં જગદ્‌ગુરુના પવિત્ર જીવનની સુવાસ અનુભવાય છે.

## (૭)

### કેટલાક પ્રસંગો

એક વખત જગદ્‌ગુરુ પાટણ બિરાજમાન હતા. ત્યાં એક રાત્રે એમણે સ્વપ્ન જોયું કે 'પોતે હાથી ઉપર સવાર થઈને પર્વત ઉપર ચઢી રહ્યા છે અને હજારો લોકો એમને નમસ્કાર કરે છે' આ વાત એમણે સોમવિજયજી મહારાજ ને જણાવી, અને કહ્યું : 'લાગે છે કે સિદ્ધાચલજીની યાત્રાનો યોગ થવો જોઈએ.' મહાપુરુષોને મળતા સંકેત શીઘ્ર ફળદાયી હોય છે. થોડા જ વખતમાં પાટણના સંઘે જગદ્‌ગુરુ સાથે છ'રી પાળતા સિદ્ધાચલજીની યાત્રા કરવાનું નક્કી કર્યું.

જગદ્‌ગુરુ સિદ્ધાચલજીની યાત્રા માટે સંઘ લઈને પધારે છે એવા સમાચાર મળતાં જ ભારતભરના ગામોગામના સંઘો છ'રી પાળતા પાલિતાણા આવી પહોંચ્યા. સ્થાવર અને જંગમ-બન્ને તીર્થોની યાત્રા એકસાથે થઈ જશે એવી ભાવનાથી

હજારો ભાવિકો આવ્યા હતા. કવિ ઋષભદાસના કથન પ્રમાણે આ વખતે યાત્રામાં એક હજાર સાધુઓ હતા. કહેવાય છે કે દેશભરમાંથી ૩૦૩ સંઘો તે વખતે આવ્યા હતા.

ચૈત્રી પૂનમના ધન્ય દિવસે બધાએ હર્ષોલ્લાસપૂર્વક યાત્રા કરી. દર્શનાદિથી નિવૃત્ત થઈને જગદ્‌ગુરુ એક સ્થળે બેઠા. બધાએ વંદન કર્યું. ગંધારના રામજી શાહ ઉપર જગદ્‌ગુરુની દૃષ્ટિ પડી.

જગદ્‌ગુરુ : કેમ ? વચન યાદ છે ને ?

રામજી : હા સાહેબ ! યાદ છે. 'સંતાન થશે એટલે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીશ' એવું મેં કહ્યું હતું.

જગદ્‌ગુરુ : તમારે તો સંતાન છે. હવે શો વિલંબ ?

રામજી : સાહેબ ! તૈયાર છું. મારા એવા અહોભાગ્ય ક્યાંથી કે આવા પવિત્ર તીર્થમાં આપના જેવા પવિત્ર મહાપુરુષના હાથે હું વ્રત ધારણ કરું ?

જગદ્‌ગુરુની વાતને વધાવી ચતુર્વિધ સંઘ સમક્ષ રામજી અને તેમના ધર્મપત્નીએ — કે જેમની ઉંમર તે વખતે માત્ર બાવીશ વર્ષની હતી - યાવજ્જીવ સુધી બ્રહ્મચર્ય પાલનનું વ્રત સ્વીકાર્યું. આવી નાની ઉંમરમાં આવો વીર્યોલ્લાસ જોઈને બીજા ૫૩ દંપતિએ ચતુર્થવ્રત ધારણ કર્યું.

★ ★ ★

એક વખત ગોચરીમાં ખીચડી આવી. એ ખીચડી

જગદ્‌ગુરુએ વાપરી. બધા સાધુઓ આહારપાણીથી નિવૃત્ત થયા ને ત્યાં જ એક ગૃહસ્થ ઉપાશ્રયમાં આવ્યા ને સાધુઓ આગળ કહેવા લાગ્યા – 'સાહેબ ! આજે અમારાથી મોટામાં મોટી ભૂલ થઈ ગઈ છે. મારે ત્યાંથી આપ જે ખીચડી વહોરી લાવ્યા હતા તેમાં મીઠું ઘણું વધારે હતું. અમે ખાધી પણ મોઢામાં જ ન જાય તેવી ખારી હતી.' સાધુઓ તો ખીચડીનું નામ પડતા જ સ્તબ્ધ થઈ ગયા. કારણ કે ખીચડી જગદ્‌ગુરુએ જ વાપરી હતી. પણ એક શબ્દ પણ તેઓ બોલ્યા ન હતા.

આવો ઇન્દ્રિયવિજય જેણે સાધ્યો એ તો ધન્યાતિધન્ય છે જ પણ જે એના સાક્ષી હતા તે ય ધન્ય થઈ ગયા.

★ ★ ★

જગદ્‌ગુરુ જ્યારે ઊનામાં હતા ત્યારે તેમની કમરમાં ગૂમડું થયું હતું. પીડા હતી પણ તેમનો સમભાવ પીડા ઓળંગી ગયો હતો. એટલે ફરિયાદ વગર જ સહન કરતા હતા. એકવાર રાત્રે સંથારો કર્યો, ત્યારે એક ગૃહસ્થ ભક્તિ કરવા આવ્યો. તેના હાથમાં સોનાનો વેઢ હતો. ભક્તિ કરતા કરતા અજાણતાં જ તે વેઢની અણી જગદ્‌ગુરુના ગૂમડામાં પેસી ગઈ. વેદના તીવ્ર થઈ ગઈ. અસહ્ય વેદના ઉપડી પણ ઉંહકારો નહીં, ફરિયાદ નહીં. શ્રાવકને ન કહ્યું કે 'ભાઈ ! આ શું કર્યું ?' સવારે શ્રીસોમવિજયજીની નજર પડી. બધાં જ કપડાં લોહીવાળાં થઈ ગયાં હતાં. એમણે એ શ્રાવક આગળ આ વાત

કહી ને ખેદ પ્રગટ કર્યો. જગદ્ગુરુની સમતા જોઈને બધા અહોભાવથી ગદ્ગદ્ થઈ ગયા.

★ ★ ★

આવા તો અનેક પ્રસંગો છે જેમાં જગદ્ગુરુની આત્મજાગૃતિ ઉજાગર થતી હોય - ઝળહળતી હોય. એમનું જીવન અત્યંત ત્યાગમય હતું. ઉપદેશ અને આચાર-બન્નેનો સુભગ સમન્વય એમના જીવનમાં જોવા મળતો. તેઓ દિવસમાં ગણીને ૧૨ દ્રવ્યો વાપરતા. તપશ્ચર્યા તો એમને જાણે સહજ સાધ્ય હતી. એમણે પોતાના જીવનમાં કરેલી તપશ્ચર્યા જુઓ —

૮૧ અઠ્ઠમ, ૨૨ છઠ્ઠ, ૩૬૦૦ ઉપવાસ, ૨૦૦૦ આયંબિલ, ૨૦૦૦ નીવી, વીસ વાર તો વીશસ્થાનક તપની આરાધના કરી હતી. જેમાં ૪૦૦ આયંબિલ અને ૪૦૦ ચોથ ભક્ત કર્યા હતા. છૂટક-છૂટક ૪૦૦ ચોથ ભક્ત, ૨૨ મહિના સુધી જ્ઞાનની આરાધના માટે તપ કર્યું હતું. ગુરુતપમાં પણ તેર મહિના સુધી છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આયંબિલ અને નીવી કર્યાં હતાં. જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાનો ૧૧ મહિનાનો તપ તથા સાધુની ૧૨ પ્રતિમાનો તપ કર્યો હતો.

એમની પ્રચંડ આત્મશક્તિની પાછળ આવો ઉગ્ર તપ કામ કરતો હતો; અને માત્ર આ બાહ્ય તપ કરીને પોતે સંતોષ નથી માન્યો પણ સાથે સાથે આભ્યંતર પણ એટલું જ

બળકટ હતું. એમણે પોતાના જીવનમાં ૪ કરોડનો સ્વાધ્યાય કર્યો હતો. આ આંકડા માત્ર જ આપણા અરમાન અને અભિમાન ઉતારી દેવા પર્યાપ્ત છે.

ગમે તેટલી જવાબદારીઓ વચ્ચેય તેમની રત્નત્રયીની આરાધનામાં ક્યારેય ઓટ નથી આવી. આ એ જ તત્ત્વ છે જેણે જગદ્‌ગુરુને આજેય લોકહૃદયમાં જીવતા રાખ્યા છે.

## (૮)

જગદ્‌ગુરુની અવસ્થા થઈ છે. પાટણથી સંઘ લઈને શત્રુંજય પધાર્યા. જંગમ-સ્થાવર તીર્થોની યાત્રાનો લાભ જાણીને સેંકડો સંઘો દર્શને-યાત્રાએ છ'રી પાળતા આવ્યા. યાત્રા પછી વિહાર કરવાનો નક્કી થયો. બધા સંઘોએ આગ્રહ કર્યો. દીવના લાડકી બાઈ નામના શ્રાવિકા હતા. બધા સંઘોના આગ્રહ વચ્ચે તેમણે કહ્યું : 'સાહેબ ! ગામેગામ જ નહીં પણ દેશદેશાવર વિચરીને આપે બધેજ પ્રકાશ પાથર્યો છે. પણ અમો તો હજી સુધી અંધકારમાં જ રખડીએ છીએ. અમારા ઉપર ઉપકાર કરવા માટે પણ આપે પધારવું જોઈએ'. અને જગદ્‌ગુરુએ દીવના સંઘની વિનંતિનો 'વર્તમાન જોગ' કહીને સ્વીકાર કર્યો.

જગદ્‌ગુરુએ ઊના તરફ વિહાર કર્યો ને ત્યાંથી દીવ પધારી સ્થિરતા કરી. આ અવસ્થામાં પણ જગદ્‌ગુરુ જુદા-જુદા અભિગ્રહો તથા નિયમો ધારણ કરતા. આત્માર્થીને વળી દેહના વિચાર શા ?

ત્યાંથી ઊના પધાર્યા. પ્રતિષ્ઠા વગેરે ઘણા મહોત્સવો થયા. સં. ૧૬૫૧નું ચાતુર્માસ ઊનામાં જ કર્યું. ચાતુર્માસ બાદ વિહારની તૈયારી કરી પણ શરીરની અસ્વસ્થતા જોઈને સંઘે વિહાર ન કરવા દીધો. પણ દિવસે-દિવસે રોગ અને અસ્વસ્થતા વધતાં જતાં હતાં. શ્રાવકો તથા સાધુઓ ઔષધોપચાર માટે વિનંતિ કરવા લાગ્યા. પણ જગદ્‌ગુરુએ સ્પષ્ટ ના કહી. 'વિનશ્વરને વળી ટેકાથી શો ઉપકાર ? કર્મોને સમભાવપૂર્વક ભોગવવા એ જ મારો ધર્મ-' આ હતી તેમની શ્રદ્ધા !

બધાએ અપવાદ માર્ગની વાત કરી પણ જેણે કાળને ઓળખી લીધો છે તે હવે થોડા માટે અપવાદ માર્ગે શેં ડગ માંડે ? શ્રાવકોને દુઃખ થયું. બધા ઉપવાસ કરીને બેસી ગયા. ત્યાં સુધી કે બહેનોએ પોતાના નાના-નવજાત બાળકોને દૂધ આપવાનું બંધ રાખ્યું. આ વાતની ખબર પડતાં જગદ્‌ગુરુને ખેદ થયો. તેમણે દવા લેવાની હા કહી ને સંઘમાં આનંદ-આનંદ છવાઈ ગયો.

એ સમયે વિજયસેનસૂરિ મહારાજ લાહોરમાં હતા. જગદ્‌ગુરુને ગચ્છ તથા શાસનની ચિંતા રહેતી. એટલે તેઓ ઈચ્છતા કે તેમને જલદી અહીં બોલાવો. તે માટે ધનવિજયજીને જ ઉગ્ર વિહાર કરાવીને લાહોર મોકલ્યા. સમાચાર મળતાં જ વિજયસેનસૂરિમ. ચિંતાતુર થઈ ગયા.

અને જવા માટે બાદશાહની રજા લીધી. વિહાર ચાલુ થઈ ગયો. ચોમાસું શરૂ થયું છતાંય પોતે પહોંચ્યા નહીં. જગદ્ગુરુ રોજ-રોજ વાટ જોતા ને સમાચાર પૂછતાં. પણ ક્યાં લાહોરને ક્યાં ઊના ?

એમાં પર્યુષણના દિવસો આવ્યા. અસ્વસ્થતામાં પણ જગદ્ગુરુએ કલ્પસૂત્રનું વાંચન કર્યું. પણ એ પરિશ્રમ ભારે પડ્યો. તબિયત વધુ બગડી. ભાદરવા સુદ-૧૦ના મધ્યરાત્રિએ બધા સાધુઓને એકઠા કરી કહ્યું : "હવે બહુ સમય નથી. સેનસૂરિ હોત તો સારું થાત. પણ તમે કોઈ ચિંતા કરશો નહીં. તેઓ તમને બધાને યોગ્ય રીતે સંભાળશે. તમારું પુત્રની જેમ જતન કરશે. જે રીતે તમે મને માનો છો તેમ તેમને પણ માનજો. બધાજ સંપીને રહે તે જોજો. ખાસ વિમલહર્ષ ઉપાધ્યાય તથા સોમવિજયજીને કહું છું કે તમે મને બહુ સંતોષ આપ્યો છે તમારાં કાર્યોથી હું બહુ પ્રસન્ન છું. તમે શાસનની શોભા વધારજો. બધાની ક્ષમાયાચના કરું છું."

જગદ્ગુરુના વચનો સાંભળીને બધા ગદ્ગદ્ થઈ ગયા. વાતાવરણ ગમગીન થઈ ગયું.

ભાદરવા સુદ-૧૧નો દિવસ આવ્યો. સંધ્યાકાળ થવા આવ્યો. જગદ્ગુરુ ધ્યાનમાં હતા. અચાનક આંખો ઉઘાડી. પ્રતિક્રમણનો સમય જાણી બધાને સાથે બેસાડી પ્રતિક્રમણ કરાવ્યું. પછી છેલ્લા શબ્દો ઉચ્ચારતા હોય તેમ બોલ્યા –

'બસ ! હવે હું મારી આત્મસાધનામાં લીન થાઉં છું. તમે બધા ધર્મકાર્યમાં શૂરા થજો.' હજારો શ્રાવક-શ્રાવિકાઓ ભેગાં થઈ ગયા હતાં.

બધું જ વોસિરાવી - ખમાવીને જગદ્‌ગુરુ પદ્‌માસનમાં બિરાજમાન હતા. હાથમાં નવકારવાળી લઈને જાપ કરવા લાગ્યા. એક પછી એક ચાર માળા પૂરી થઈ. પાંચમી માળાનો પ્રારંભ થયો ને માળા હાથમાંથી નીચે પડી. ને જગદ્‌ગુરુ આ મર્ત્ય લોક છોડીને ચાલ્યા ગયા. અદ્‌ભુત સમાધિ ! અપૂર્વ તેજ ! જાણે હમણા જ વાત કરશે. પણ... પણ... ના હવે જગદ્‌ગુરુ બોલશે નહીં પણ એમનું કહેલું હવે સતત સાંભળવાનું છે ને આચરવાનું છે, તો જ આત્મકલ્યાણ સાધી શકાશે એવી બધાને ખાતરી થઈ ગઈ.

માત્ર ઊનામાં જ નહીં ભારતભરના સંઘોમાં હાહાકાર મચી ગયો. હજારો લોકો ઊનામાં ભેગા થઈ ગયા. દેવવિમાન જેવી પાલખી તૈયાર કરવામાં આવી. તેમાં જગદ્‌ગુરુના શરીરને પધરાવી આંબાવાડીમાં લઈ જવામાં આવ્યું. જય જય નંદા - જય જય ભદ્દદાનો નાદ સર્વત્ર ગૂંજી ઊઠ્યો. ચંદનની ચિતા પર શરીર પધરાવવામાં આવ્યું.

લોકો ચિત્રવત્ ઊભા હતા. પોતે નિરાધાર થઈ ગયાની લાગણીથી ચોધાર આંસુએ બધાં રડતાં હતાં. જગદ્‌ગુરુનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

લોકોના પગ જાણે ભારે થઈ ગયા હતા. ગુરુ વગર પાછા ફરવું તેમને માટે મુશ્કેલ થઈ ગયું હતું. પણ સ્થિતિને સ્વીકાર્યા સિવાય કોનો છૂટકો છે ?

આ આઘાતજનક સમાચાર વિજયસેનસૂરિ મહારાજને પાટણમાં મળ્યા. ને બાળક પાસેથી માની ગોદ છીનવાઈ જાય ને એ જેવો કલ્પાંત કરે તવો કલ્પાંત વિજયસેનસૂરિ મ.એ કર્યો. આહાર-પાણી સુદ્ધાં છોડી દીધાં. ત્રણ દિવસ નીકળી ગયા. સંઘે ઘણી-ઘણી રીતે સમજાવીને શાંત કર્યા ત્યારે ચોથા દિવસે તેમણે ધૈર્યપૂર્વક ને છતાંય આંખમાં આંસૂ સાથે આહાર વ. કર્યા.

આ બાજુ જ્યાં જગદ્‌ગુરુના અગ્નિસંસ્કાર થયા તે ભૂમિમાં અનેક પ્રકારના નાટારંભ થયા. તે પાસેના ખેતરમાં સૂતેલા નાગર વાણિયાએ જોયા ને સવારે શહેરમાં આવી બધાને વાત કરી. લોકોના ટોળેટોળા બાગ તરફ ચાલ્યા. બધા જ આંબાઓ ઉપર કેરીઓ લચી પડી હતી. ઘણે ઠેકાણે મોર લાગ્યા હતા, ક્યાંક કાચી કેરી તો કેટલેક ઠેકાણે તો પાકી કેરી થઈ હતી. વાંઝિયા આંબાઓ પણ ફળ્યા હતા. જુદા-જુદા શહેરોમાં તે કેરીઓ મોકલવામાં આવી. અને અકબર અને અબ્બુલફઝલને પણ મોકલી. ઋતુ વગર ફળ પ્રાપ્તિનો ચમત્કાર સાંભળી તેમને આનંદ થયો પણ સાથે જ જગદ્‌ગુરુની વિદાયએ ઘેરો વિષાદ જન્માવ્યો. જે બગીચામાં જગદ્‌ગુરુનો

અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો તે બગીચો અને તેની આસપાસની બધી જમીન બાદશાહે જૈનોને ભેટ આપી. ત્યાં દીવના લાડકીબાઈ શ્રાવિકાએ સ્તૂપ બનાવી તેમાં જગદ્‌ગુરુના પગલાંની પ્રતિષ્ઠા શ્રીવિજયસેનસૂરિ મહારાજના હસ્તે કરાવી.

આજે પણ એ સ્થાન એટલું જ જાગૃત છે.

# જગદ્‌ગુરુ હીરવિજયસૂરીશ્વરજી મ. સા

| | | |
|---|---|---|
| જન્મ સ્થળ | : પાલનપુર | વિક્રમ સંવત ૧૫૮૩<br>માગસર સુદ ૯ |
| દીક્ષા સ્થળ | : પાટણ | વિક્રમ સંવત ૧૫૯૬<br>કારતક વદી ૨, સોમવાર |
| પંડિત પદ | : નાડલાઈ | વિક્રમ સંવત ૧૬૦૭ |
| ઊપાધ્યાય પદ | : નાડલાઈ,<br>નેમનાથ મંદિર | વિક્રમ સંવત ૧૬૦૮<br>મહા સુદ ૫ |
| આચાર્ય પદ | : શીરોહી | વિક્રમ સંવત ૧૬૧૦<br>પોષ સુદ ૧૦ |
| તપાગચ્છનાયક | : વડાવલી | વિક્રમ સંવત ૧૬૨૨ |
| શ્રીઅકબર બાદશાહની મુલાકાત | : | વિક્રમ સંવત ૧૬૩૯<br>જેઠ વદી ૧૨ |
| સ્વર્ગગમન | : ઊના,<br>સૌરાષ્ટ્ર | વિક્રમ સંવત ૧૬૫૨<br>ભાદરવા સુદ ૧૧ |


## ઊના-શાહબાગમાં આવેલ સમાધિ-કુલિકાની વિગત


| દેરી ક્રમાંક | | કોના પગલાં છે ? |
|---|---|---|
| (૧) | **પૂજ્ય દાનસૂરિ મહારાજ** | જીર્ણોદ્ધાર વખતે પાયાનું ખોદકામ કરતાં નીચેથી ઓટલો તથા પાદુકા નીકળ્યાં હતાં. તે જેમના તેમ રહેવા દઈ ઉપર જ પૂ.દાનસૂરિમ.ની દેરીનું નિર્માણ થયું. |
| (૨) | જગદ્‌ગુરુ **શ્રીહીરવિજયસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં. ૧૬૫૨ કા. વ. ૫ |
| (૩) | **આ.શ્રીવિજયસેનસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં ૧૬૫૫ |
| (૪) | **આ.શ્રીવિજયદેવસૂરિ મ.** | |
| (૫) | **આ.શ્રીવિજયસિંહસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં. ૧૭૧૩ અષાઢ સુદ ૧૧ |
| (૬) | **આ.શ્રીવિજયપ્રભસૂરિ મ.** તથા **આચાર્ય શ્રીમહિમાસૂરિ મ.** | |
| (૭) | **આ.શ્રીવિજયરત્નસૂરિ મ.** | (જેમના ઉપદેશથી શ્રી શંખેશ્વર મહાતીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો.) |

| | |
|---|---|
| (૮) **આ.શ્રીવિજયક્ષમાસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં. ૧૭૮૫<br>કાળધર્મ : દીવબંદર<br>અગ્નિસંસ્કાર :<br>શાહબાગ |
| (૯) **આ.શ્રીવિજયદયાસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં. ૧૮૧૫<br>મહાસુદ ૨ |
| (૧૦) **આ.શ્રીવિજયધર્મસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં. ૧૮૭૪<br>મહા સુદ ૮ |
| (૧૧) **આ.શ્રીવિજયજિનેન્દ્રસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં. ૧૯૦૮ |
| (૧૨) **આ.શ્રીવિજયદેવેન્દ્રસૂરિ મ.** તથા<br>**આ.શ્રીવિજયધરણેન્દ્રસૂરિ મ.** | પ્રતિષ્ઠા : વિ.સં. ૧૯૪૯<br>પોષ વદ ૫ ગુરુવાર |

## ૧

# અકબર બાદશાહનું ફરમાન





ફરમાન નં ૧ નો પાછલો ભાગ

# પરિશિષ્ટ - ૧

## ફરમાન નં. ૧ નો અનુવાદ

### અલ્લાહુ અકબર

જલાલુદ્દીન મુહમ્મદ અકબર બાદશાહ ગાજીનું ફરમાન.

અલ્લાહુ અકબરના સિક્કા સાથે શ્રેષ્ઠ ફરમાનની નકલ અસલ મુજબ છે.

મહાન રાજ્યને ટેકો આપનાર, મહાન રાજ્યના વફાદાર, સારા સ્વભાવના અને ઉત્તમ ગુણવાળા, અજિત રાજ્યોને મજબૂતિ આપનાર, શ્રેષ્ઠ રાજ્યના ભરોસાદાર, શાહી મેહરબાનીને ભોગવનાર; રાજાની નજરે પસંદ કરેલ અને ઊંચા દરજાના ખાનોના નમૂના સમાન **મુબારિજ્જુદીન** (ધર્મવીર) **આઝમખાને** બાદશાહી મહેરબાનીઓ અને બક્ષીસોના વધારાથી શ્રેષ્ઠતાનું માન મેળવી જાણવું જે - જુદી જુદી રીતભાતવાળા, ભિન્ન ધર્મવાળા, વિશેષ મતવાળા અને ભિન્ન પંથવાળા, સભ્ય કે અસભ્ય, નાના કે મોટા, રાજા કે રંક, અથવા દાના કે નાદાન - દુનિયાના દરેક દરજા કે જાતના લોકો, કે જેમાંની દરેક વ્યક્તિ પરમેશ્વરના નૂરને જાહેર થવાની જગ્યા છે; અને દુનિયાને પેદા કરનારે નિર્માણ કરેલ ભાગ્યને જાહેર થવાની અસલ જગ્યા છે; તેમજ સૃષ્ટિસંચાલક (ઇશ્વર)ની

અજાયબી ભરેલી અનામત છે, તેઓ, પોતપોતાના શ્રેષ્ઠ માર્ગમાં દૃઢ રહીને તથા તન અને મનનું સુખ ભોગવીને પ્રાર્થના અને નિત્યક્રિયાઓમાં તેમજ પોતાના દરેક હેતુઓ પ્રાપ્ત કરવામાં લાગેલા રહી, શ્રેષ્ઠ બક્ષીસ કરનાર (ઈશ્વર) તરફથી અમને લાંબી ઉંમર મળે, અને સારાં કામ કરવાની પ્રેરણા થાય, એવી દુવા કરે. કારણ કે માણસ જાતમાંથી અનેક રાજાને દરજ્જો ઊંચે ચઢાવવામાં અને સરદારીનો પહેરવેષ પહેરાવવામાં પૂરેપૂરું ડહાપણ એ છે કે - તે સામાન્ય મહેરબાની અને અત્યંત દયા કે જે પરમેશ્વરની સમ્પૂર્ણ દયાનો પ્રકાશ છે, તેને પોતાની નજર આગળ રાખી જો તે બધાઓની સાથે મિત્રતા મેળવી ન શકે; તો કમમાં કમ બધાઓની સાથે સલાહ - સંપનો પાયો નાખી પૂજવાલાયક જાતના (પરમેશ્વરના) બધા બંદાઓ સાથે મહેરબાની, માયા અને દયાને રસ્તે ચાલે. અને ઈશ્વરે પેદા કરેલી બધી વસ્તુઓ (બધાં પ્રાણિઓ), કે જે ઊંચા પાયાવાળા પરમેશ્વરની સૃષ્ટિનાં ફળ છે, તેમને મદદ કરવાની નજર રાખી તેમના હેતુઓ પાર પાડવામાં અને તેમના રીતરીવાજો અમલમાં લાવવામાં મદદ કરે, કે જેથી બળવાન નિર્બળ ઉપર જુલ્મ નહિ ગુજારતાં, દરેક મનુષ્ય મનથી ખુશી અને સુખી થાય.

આ ઉપરથી યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ, **હીરવિજયસૂરિ** સેવડા[1] અને તેમના ધર્મને પાળનારા, કે જેમણે અમારી હજૂરમાં હાજર થવાનું માન મેળવ્યું છે; અને જેઓ અમારા દરબારના ખરા

---

**૧. શ્વેતામ્બર જૈન સાધુઓને માટે સંસ્કૃતમાં શ્વેતપટ શબદ છે; તેનું અપભ્રંશ ભાષામાં સેવડ રૂપ થાય છે. તેજ રૂપ વધારે બગડીને સેવડા થયું છે. સેવડા શબ્દનો ઉપયોગ બે રીતે થાય છે. જૈનો માટે અને જૈનસાધુઓ માટે. અત્યારે પણ મુસલમાન વિગેરે કેટલાક લોકો જૈનસાધુઓને ઘણે ભાગે સેવડા કહીને બોલાવે છે.**

હિતેચ્છુઓ છે, તેમના યોગાભ્યાસનું ખરાપણું, વધારો અને પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી હુકમ થયો કે-તે શહેરના (તે તરફના) રહેવાસીઓમાંથી કોઈએ એમને હરકત (અડચણ) કરવી નહિ, અને એમનાં મંદિરો તથા ઉપાશ્રયોમાં ઉતારો કરવો નહિ. તેમ તેમને તુચ્છકારવા પણ નહિ. વળી જો તેમાંનું (મંદિરો કે ઉપાશ્રયોમાંનું) કઈ પડી ગયું કે ઉજ્જડ થઈ ગયું હોય, અને તેને માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારવા કે તેનો પાયો નાખવા ઈચ્છે, તો તેનો, કોઈ ઉપલક જ્ઞાનવાળાએ (અજ્ઞાનીએ) કે ધર્માન્ધે અટકાવ પણ કરવો નહિ અને જેવી રીતે ખુદાને નહિ ઓળખનારા, વરસાદનો અટકાવ[૧] અને એવાં બીજાં કામો કે જે ઈશ્વરના અધિકારનાં છે, તેનો આરોપ, મૂર્ખાઈ અને બેવકૂફીને લીધે જાદુનાં કામ જાણી, તે બિચારા-ખુદાને ઓળખનારા ઉપર મૂકે છે અને તેમને અનેક પ્રકારનાં કષ્ટો આપે છે; એવાં કામો તમારા રક્ષણ અને બંદોબસ્તમાં, કે જે તમે સારા નસીબવાળા અમને બાહોશ છો, થવાં જોઈએ નહિ. વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે **હાજી હબીબુલ્લાહ,** કે જે અમારી સત્યની શોધ અને ખુદાની ઓળખાણ વિષે થોડું જાણે છે, તેણે આ જમાતને ઈજા કરી છે, એથી અમારા પવિત્ર મનને, કે જે દુનિયાનો બંદોબસ્ત કરનાર છે, ઘણું ખોટું લાગ્યું છે (દુઃખનું કારણ થયું છે); માટે તમારે તમારી રીયાસતથી એવા ખબરદાર રહેવું જોઈએ કે - કોઈ કોઈના ઉપર જુલ્મ કરી શકે નહિ. તે તરફના વર્ત્તમાન અને ભવિષ્યના હાકેમો, નવાબો અને રીયાસતનો પૂરેપૂરો અથવા કેટલેક અંશે કારભાર કરનારા મુસદ્દીઓનો નિયમ એ છે કે - રાજાનો હુકમ કે જે

**૧. આ સંબંધી હકીકત માટે જુઓ - આ પુસ્તકનું પૃ. ૯**

પરમેશ્વરના ફરમાનનું રૂપાન્તર છે, તેને પોતાની સ્થિતિ સુધારવાનો વસીલો જાણી તેનાથી વિરુદ્ધ કરે નહિ. અને તે પ્રમાણે કરવામાં દીન અને દુનિયાનું સુખ તથા પ્રત્યક્ષ સાચી આબરૂ જાણે. આ ફરમાન વાંચી તેની નકલ રાખી તેઓ પોતાની ભક્તિની ક્રિયાઓ કરવામાં ચિંતાતુર પણ થાય નહિ. અને ઈશ્વરભક્તિમાં ઉત્સાહ રાખે. એજ ફરજ જાણી એથી વિરૂદ્ધનો દખલ થવા દેતા નહિ. ઈલાહી સંવત્ ૩૫નાં અઝાર મહીનાની છઠ્ઠી તારીખને ખુરદાદ નામના દિવસે લખ્યું. મુતાબ્દિક ૨૮ માહે મુહરમ સને ૯૯૯ હીઝરી.


મુરીદો[૧] (અનુયાયિઓ) માંના નમ્રમાં અબુલફજલના લખાણથી અને **ઈબ્રાહીમહુસેન**ની નોંધથી.

નકલ અસલ મૂજબ છે.

• • •

**૧. અબુફજલ પોતાને 'મુરીદ' વિશેષણ એટલા માટે આપે છે કે - તે અકબરના ધર્મનો અનુયાયી હતો.**

## ૨
## અકબર બાદશાહનું ફરમાન





ફરમાન નં ૨ નો પાછલો ભાગ

# પરિશિષ્ટ - ૨

## ફરમાન નં. ૨ નો અનુવાદ

અલ્લાહુ અકબર

અબુ અલમુજફ્ફ સુલતાન...........નો હુકમ

ઊંચા દરજાના નિશાનની નકલ અસલ મુજબ છે.

આ વખતે ઊંચા દરજાવાળા નિશાનને બાદશાહ મહેરબાનીથી નિકળવાનું માન મળ્યું (છે) કે-હાલના અને ભવિષ્યના હાકેમો, જાગીરદારો, કરોડીઓ અને ગુજરાત સૂબાના તથા સોરઠ સરકારના મુસદ્દીઓએ, સેવડા (જૈન સાધુ) લોકો પાસે ગાય અને આખલાને તથા ભેંશ અને પાડાને કોઈ પણ વખતે મારવાની તથા તેનાં ચામડા ઉતારવાની મનાઈ સંબંધી શ્રેષ્ઠ અને સુખના ચિહ્નવાળું ફરમાન છે, અને તે શ્રેષ્ઠ ફરમાન પાછળ લખેલું છે કે "દર મહિનામાં કેટલાક દિવસ એ ખાવાને ઈચ્છવું નહિ. એ ફરજ અને વ્યાજબી જાણવું. તથા જે પ્રાણિઓએ ઘરમાં કે ઝાડો ઉપર માળા નાખ્યા હોય, તેવાઓનો શિકાર કરવાથી કેદ કરવાથી (પાંજરામાં પૂરવાથી) દૂર રહેવામાં પૂરી કાળજી રાખવી." (વળી) એ માનવા લાયક ફરમાનમાં લખ્યું છે કે - "યોગાભ્યાસ કરનારાઓમાં શ્રેષ્ઠ

**હીરવિજયસૂરિ**ના શિષ્ય **વિજયસેનસૂરિ** સેવડા, અને તેના ધર્મને પાળનારા જેમણે અમારા દરબારમાં હાજર થવાનું માન મેળવ્યું છે અને જેઓ અમારા દરબારના ખાસ હિતેચ્છુઓ છે-તેમના યોગાભ્યાસનું ખરાપણું અને વધારો તથા પરમેશ્વરની શોધ ઉપર નજર રાખી (હુકમ થયો) કે એમના **દેવલ** કે **ઉપાશ્રય**માં કોઈએ ઉતારો લેવો નહિ. અને એમને તુચ્છકારવા નહિ. તથા જો તે જીર્ણ થતાં હોય અને તેથી તેના માનનારા, ચાહનારા કે ખેરાત કરનારાઓમાંથી કોઈ તેને સુધારે કે તેનો પાયો નાખે, તો કોઈ ઉપલકિયા જ્ઞાનવાળાએ કે ધર્માન્ધે તેનો અટકાવ કરવો નહિ. અને જેવી રીતે ખુદાને નહિ ઓળખનારા વરસાદનો અટકાવ અને એવાં બીજાં કામો, કે જે પૂજવા લાયક જાતનાં (ઈશ્વરનાં) કામો છે, તેનો આરોપ મૂર્ખાઈ અને બેવકૂફીના લીધે જાદુનાં કામ જાણી, તે બિચારા ખુદાને માનનારા ઉપર મૂકે છે અને તેમને અનેક જાતનાં દુઃખો આપે છે, તેમ તેઓ જે ધર્મક્રિયાઓ કરે છે, તેમાં અટકાવ કરે છે. એવાં કામોનો આરોપ એ બિચારાઓ ઉપર નહિ મુકતાં એમને પોતાની જગ્યા અને મુકામે સુખેથી ભક્તિનું કામ કરવા દેવું. તેમ પોતાના ધર્મ મુજબ ક્રિયાઓ કરવા દેવી.''

તેથી (તે) શ્રેષ્ઠ ફરમાન મુજબ અમલ કરી એવી તાકીદ કરવી જોઈએ કે - એ ફરમાનનો અમલ સારામાં સારી રીતે થાય અને તેની વિરૂદ્ધ કોઈ હુકમ કરે નહિ. (દરેકે) પોતાની ફરજ જાણી ફરમાનથી દરગુજર કરવી નહિ. અને તેથી વિરૂદ્ધ કરવું નહિ. તા. ૧ લી શહર્યુર મહીનો, ઇલાહી સને ૪૬, મુવાફિક, તા. ૨૫ મહિનો સફર અને સને ૧૦૧૦ હીઝરી.

## પેટાનું વર્ણન

ફરવરદીન મહીનો; જે દિવસોમાં સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં જાય છે, તે દિવસો; ઈદ; મહેરનો દિવસ; દરેક મહીનાના રવિવારો; તે દિવસે કે જે બે સૂફિયાના દિવસોની વચમાં આવે છે; રજબ મહીનાના સોમવારો; આબાન મહીનો કે જે બાદશાહના જન્મનો મહીનો છે; દરેક શમશી મહીનાનો પહેલો દિવસ જેનું નામ **ઓરમઝ** છે; અને બાર પવિત્ર દિવસો, કે જે શ્રાવણ મહીનાના છેલ્લા છ અને ભાદરવાના પ્રથમ છ દિવસો મળીને કહેવાય છે.

નશાને આલીશાનની નકલ અસક મૂજબ છે.

સિક્કો.

(આ સિક્કામાં માત્ર કાજી ખાનમહમ્મુદનું નામ વંચાય છે. તે સિવાયના અક્ષરો વંચાતા નથી.)

સિક્કો.

(આ સિક્કામાં 'અકબરશાહ મુરીદ જાદા **દારાબ**[૧]' આ પ્રમાણે લખેલ છે.

---

**૧. દરાબ, એનું પુરૂ નામ મીરજા દરાબખાન હતું, અને તે અબ્દુરહીમ ખાનખાનાનનો છોકરો થતો હતો. વધુ માટે જુઓ આઈન-ઈ-અકબરીના પહેલા ભાગનો અંગ્રેજી અનુવાદ પૃ.૩૩૯**

: નોંધ :